**સુવિચાર**
પ્રકૃતિ સાથે સંવાદ સાધી અને તેનો આદર કરવોએ જીવનને સંતોષ અને શાંતિ આપે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

**આજનો ઈતિહાસ**
૨જી મે, મુંબઈના ભૂતપૂર્વ ગવર્નર અને ઈતિહાસકાર સર જોન માલ્કમનો જન્મ દિવસ

Year-16, Issue-21 ■ DATE : 02-05-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેરબજારમાં લાવ લાવ...: સેન્સેક્સ ૮૧૦૦૦ને પાર



## ડોલર સામે રૂપિયો સાત માસની ઉંચાઈએ: બેન્ક, ઓટો, આઈટી સહિતના ક્ષેત્રોના શેરોમાં તેજી

**મુખ્ય સમાચાર,મુંબઈ**

પહેલગામ ત્રાસવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધનો ઉન્માદ સર્જાયો છે અને ગંભીર ટેન્શન વચ્ચે પણ શેરબજારની તેજી અડીખમ હોય તેમ આજે પણ જોરદાર ઉછાળો નોંધાયો હતો અને સેન્સેક્સ ઈન્ટ્રા ડે ૮૧૦૦૦ની સપાટીને પાર કરી ગયો હતો. કરન્સી માર્કેટમાં પણ ડોલર સામે ભારતીય રૂપિયામાં જોરદાર ઉછાળો રહ્યો હતો.

ત્રાસવાદી હુમલાનો બદલો લેવા માટે ભારત તૈયારી કરી રહ્યું છે અને ગમે ત્યારે ત્રાટકશે તેવી જોરદાર અટકળો કેટલાક વખતથી ચાલી જ રહી છે તેવા સમયે પણ શેરબજારમાં કોઈ ગભરાટ નથી અને તેજીનો દોર સતત આગળ ધપી રહ્યો હોય તેમ આજે માર્કેટ ગ્રીનઝોનમાં જ રહ્યું હતું. ભારત ત્રાસવાદ પર જ હુમલો કરશે અને કોઈ ગંભીર રિએકશન નહી આવે તેવા આશાવાદથી વર્તમાન તનાવનો માર્કેટ પર કોઈ ગભરાટ ન હોવાનું માનવામાં આવે છે.

આ સિવાય વિદેશી નાણાંસંસ્થાઓની ધુમ લેવાલી કોર્પોરેટ ક્ષેત્રના સારા પરિણામો, ભારતીય આર્થિક વિકાસદર ઝડવાઈ રહેવાના રિપોર્ટ આગામી ચોમાસુ નોર્મલથી પણ સારુ રહેવાની આગાહી સહિતના કારણોથી માર્કેટ ધમધમી રહ્યું છે. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ત્રાસવાદી હુમલાનો ભારત બદલો લેવા પ્રહાર કરે તો પણ તે ત્રાસવાદ પુરતો સીમીત રહેવાની અને સંપૂર્ણ યુદ્ધ નહી થવાની ગણતરીએ માર્કેટમાં કોઈ વિપરીત અસર નથી છતાં આવતા દિવસોમાં કેવી પરીસ્થિતિ સર્જાય છે તેના પર વધઘટનો આધાર રહેશે.

શેરબજારમાં આજે અદાણી પોર્ટ, એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, ઈન્ફોસીસ, મારૂતી, રિલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટીસીએસ જેવા શેરો ઉંચકાયા હતા જયારે ભારતી એરટેલ, કોટક બેંક, નેસ્લે, એનટીપીસી, પાવરગ્રીડ, ટાઈટન, જેએસડબલ્યુ સ્ટીલ, આઈસર મોટર જેવા શેરોમાં ઘટાડો હતો.


મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેક્સ ૨૫૦ પોઈન્ટના સુધારાથી ૮૦૪૯૨ હતો જે ઈન્ટ્રા ડે ઉંચામાં ૯૦૦ પોઈન્ટથી વધુ વધીને ૮૧૦૦૦ની સપાટી કુદાવી ૮૧૧૭૭ થયો હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફ્ટી ૧૩ પોઈન્ટ વધીને ૨૪૩૪૭ હતો જે ઉંચામાં ૨૪૫૮૯ તથા નીચામાં ૨૪૩૦૫ થયો હતો. બીજી તરફ કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયામાં જોરદાર તેજી થઈ હતી અને તે સાત મહિનાની નવી ઉંચાઈએ સાંપડયો હતો. ડોલર સામે રૂપિયો ૬૬ પૈસા ઉંચકાઈને ૮૩.૮૩ સાંપડયો હતો. રૂપિયો મજબૂત થવાથી ભારતીય આયાતને મોટી રાહત થવાની શકયતા છે. ખાતર, ક્રુડ, સોના સહિતની આયાતી ચીજોની કિંમતમાં રાહત મળી શકે છે.

ભારતીય રૂપિયો ૧ ઓક્ટોબર, ૨૦૨૪ બાદ પ્રથમ વખત ડોલર સામે ૮૪નું લેવલ તોડવા સક્ષમ બન્યો છે. આજે ૪૦ પૈસા મજબૂત બની ૮૪.૦૯ પર ખૂલ્યા બાદ ૮૩.૯૦ થયો હતો. ઈક્વિટી અને ડેટ માર્કેટમાં મજબૂત મૂડી રોકાણના પગલે ફોરેક્સ માર્કેટ નબળું પડ્યું હોવાનું કરન્સી ટ્રેડર્સે જણાવ્યું છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથે દ્વિપક્ષીય વેપાર કરાર થવાની શક્યતાઓના સંકેત આપ્યા હતા. જેથી ભારતને ટેરિફમાં રાહત મળવાની અપેક્ષા વધી છે. બીજી બાજુ ચીન પણ અમેરિકા સાથે ટ્રેડવૉર મુદ્દે વાતચીત કરવા સહમત થયું છે. વિશ્વની બે મહાસત્તા આ મામલે ઉકેલ લાવે તેવી સંભાવના સાથે વૈશ્વિક સ્તરે ટેરિફ તણાવની ભીતિ ઘટી છે. પરિણામે શેરબજારને ટેકો મળ્યો છે.

# પાકિસ્તાને હદ વટાવી: પોતાના નાગરિકોને પ્રવેશ આપવા કર્યો ઈન્કાર

## અટારી-વાઘા બોર્ડર બંધ કરી દીધી: ૭૦ પાકિસ્તાની નાગરિક સરહદે મોડે સુધી દરવાજા ખુલવાની રાહ જોતા રહ્યાં



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પહલગામમાં આતંકવાદી હુમલા બાદ નિયંત્રણ રેખા (એલઓસી) પર તણાવ વધી ગયો છે. પાકિસ્તાન વારંવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. પાકિસ્તાને નિયંત્રણ રેખા (એલઓસી) પર સતત આઠમા દિવસે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે. ૦૧ અને ૦૨ મેની રાત્રે, પાકિસ્તાની સેનાએ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, બારામુલ્લા, પૂંચ, નૌશેરા અને અખનૂર વિસ્તારોની સામે નિયંત્રણ રેખા પરની ચોકીઓ પરથી ઉશ્કેરણી વિના નાના હથિયારોથી ગોળીબાર કર્યો. ભારતીય સેનાનાએ પાકિસ્તાનના આ નાપાક કૃત્ય સામે જડબાતોડ જવાબ આપ્યો હતો.

આ પહેલા, ૩૦ એપ્રિલ અને ૦૧ મેની રાત્રે, જમ્મુ અને કાશ્મીરમાં કુપવાડા, ઉરી અને અખનૂરની સામે નિયંત્રણ રેખા પર પાકિસ્તાની સેનાની ચોકીઓએ ઉશ્કેરણી વિના નાના હથિયારોથી ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાનની કાર્યવાહી બાદ, ભારતીય સેનાએ યોગ્ય જવાબ આપ્યો હતો.

અગાઉ છઠ્ઠી અને પાંચમી રાત્રે, પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું અને નિયંત્રણ રેખા પર ગોળીબાર કર્યો હતો. ૨૮-૨૯ એપ્રિલની રાત્રે, પાકિસ્તાની સેનાએ કુપવાડા અને બારામુલ્લા અને અખનૂર સેક્ટરમાં નિયંત્રણ રેખા પારથી ગોળીબાર કર્યો હતો.

ચોથી રાત્રે પણ પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું અને ગોળીબાર કર્યો હતો. ૨૭-૨૮ એપ્રિલની રાત્રે, પાકિસ્તાની સેનાની ચોકીઓએ કુપવાડા અને પૂંચ જિલ્લાના વિસ્તારોમાં કોઈપણ ઉશ્કેરણી વિના નિયંત્રણ રેખા પારથી નાના હથિયારોથી ગોળીબાર કર્યો હતો. જેનો ભારતીય સેનાએ અસરકારક જવાબ આપ્યો હતો.

પહેલગામ હુમલા પછી, સરહદ પારના સંબંધોને ધ્યાનમાં રાખીને, ભારતે ગયા બુધવારે અનેક દંડાત્મક પગલાંની જાહેરાત કરી હતી, જેમાં ૬૫ વર્ષ જૂની સિંધુ જળ સંધિને સ્થગિત કરવી, અટારી ભૂમિ સરહદ ક્રોસિંગ બંધ કરવી અને પાકિસ્તાની લશ્કરી એટેચીને હાંકી કાઢવાનો સમાવેશ થાય છે.

નવી દિલ્હીએ અટારી સરહદથી દેશમાં પ્રવેશતા તમામ પાકિસ્તાનીઓને ૧ મે સુધીમાં દેશ છોડી દેવાનો નિર્દેશ આપ્યો છે. તેના જવાબમાં, પાકિસ્તાને ગુરુવારે તમામ ભારતીય એરલાઈન્સ માટે તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાની અને ત્રીજા દેશો સહિત નવી દિલ્હી સાથે વેપાર સ્થગિત કરવાની જાહેરાત કરી.

# ગુજરાતમાં પાંચ દિવસ કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી

## દક્ષિણ પશ્ચિમી રાજસ્થાન તરફ સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આ સ્થિતિ સર્જાઈ



**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાતભરમાં હાલ ગરમી કહેર વર્તાવી રહી છે. લોકો ભારે ગરમીના કારણે પરેશાન થઈ ગયા છે. આવી પરિસ્થિતિ વચ્ચે હવામાન વિભાગે મે મહિનાના પહેલા સપ્તાહમાં ગરમીમાંથી રાહત મળે તેવી આગાહી કરી છે. ગુજરાતમાં સતત પાંચ દિવસ અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી કરી છે.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે હવામાન અંગેની આગાહી આપતા જણાવ્યું છે કે, દક્ષિણ પશ્ચિમી રાજસ્થાન તરફ સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ થવાની શકયતા છે. ગુજરાતમાં પાંચ દિવસ કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી આપવામાં આવી છે.

હવામાન વિભાગે આપેલા વેધર મેપ પ્રમાણે, ત્રીજી મેના રોજ એટલે કે શનિવારે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠામાં ગાજવીજ સાથે છૂટાછવાયો વરસાદ રવિવારે, ચોથી મેના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, દીવ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગરમાં ગાજવીજ સાથે છૂટાછવાયો વરસાદ.

સોમવારે, પાંચમી મેના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, દીવ, અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, વલસાડ, ડાંગ, નવસારી, દમણ અને દાદરાનગર હવેલીમાં ગાજવીજ સાથે વરસાદ.

મંગળવારે, છઠ્ઠી મેના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, દીવ, ગીરસોમનાથ, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, વલસાડ, ડાંગ, નવસારી, દમણ અને દાદરાનગર હવેલીમાં ગાજવીજ સાથે વરસાદ.

સાતમી મે એટલે કે બુધવારના રોજ અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરાનગર હવેલીમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી આપવામાં આવી છે.

# પાકિસ્તાને સતત આઠમા દિવસે નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું



**મુખ્ય સમાચાર,ઈસ્લામબાદ**

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ નિયંત્રણ રેખા (એલઓસી) પર તણાવ વધી ગયો છે. પાકિસ્તાન વારંવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. પાકિસ્તાને સતત આઠમા દિવસે નિયંત્રણ રેખા (એલઓસી) પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે.

તા.૧ અને તા.૨ મેની રાત્રે પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશના કુપવાડા, બારામુલ્લા, પૂંછ, નૌશેરા અને અખનૂર વિસ્તારોમાં નિયંત્રણ રેખા પારની ચોકીઓ પરથી નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર શરૂ કર્યો હતો.

આ દરમિયાન ભારતીય જવાનોએ પાકિસ્તાનના આ નાપાક કૃત્યનો સંતુલિત અને પ્રમાણસર રીતે યોગ્ય જવાબ આપ્યો છે. અગાઉ, ૩૦ એપ્રિલ અને ૧ મેની રાત્રે, પાકિસ્તાની સેનાની ચોકીઓ પરથી જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, ઉરી અને અખનૂર વિસ્તારોમાં નિયંત્રણ રેખા પર નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કરાયો હતો. પાકિસ્તાનની કાર્યવાહી બાદ ભારતીય સેનાએ યોગ્ય જવાબ આપ્યો.

# ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ ૧૦ વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ થશે

## ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

પાસપોર્ટને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં આદેશ કરાયો કે, ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ દસ વર્ષ માટે પાસપોર્ટ રિન્યૂ થઈ શકે છે. ટ્રાયલ કોર્ટ દ્વારા વિદેશ જવા અંગેની શરતો લાદી શકાય છે. પરંતુ, પાસપોર્ટ વિભાગ પાસે આવી કોઈ સત્તા નથી.

ગુજરાત હાઈકોર્ટે બંધારણના અનુચ્છેદ ૨૧નું અવલોકન કરતા કહ્યું કે, વિશ્વમાં કયાંય પણ મુસાફરી કરવી એ બંધારણનો મૂળભૂત અધિકાર છે. આરોપીને ટ્રાયલ દરમિયાન કોર્ટ સમક્ષ હાજર કરવાની જવાબદારી આરોપી અને ટ્રાયલ કોર્ટ બંનેની છે. આરોપી સામે કેવા પ્રકારનો ક્રિમિનલ કેસ પેન્ડિંગ છે, તેના આધારે પાસપોર્ટ રિન્યુ કરવો કે નહીં તે અંગેનો નિર્ણય કરવાનો અધિકાર પાસપોર્ટ ઓફિસનો નથી. આ સિવાય હાઈકોર્ટે નોંધ્યું કે, કેન્દ્ર દ્વારા લાગુ કરવામાં આવેલા પાસપોર્ટ એક્ટ હેઠળના નિયમોનું અર્થઘટન કરવામાં આવે. નોંધનીય છે કે, અત્યાર સુધી કેન્દ્ર સરકારના જાહેરનામાંનું અર્થઘટન કરીને પાસપોર્ટ વિભાગ દ્વારા ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તેવા સંજોગોમાં માત્ર એક વર્ષ માટે જ પાસપોર્ટ રિન્યુ કરવામાં આવતો હતો. અરજદાર અદાલતમાં જાય તો ત્રણથી પાંચ વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ થતા હતાં. જોકે, હવે પહેલીવાર ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું કે, પાસપોર્ટ રિન્યુ દસ વર્ષ માટે થવો જોઈએ.

# પહલગામ આતંકી હુમલા બાદ અમેરિકા-ભારત વચ્ચે મોટી ડીલ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાનના સંબંધોમાં તણાવ સતત વધી રહ્યો છે. પાકિસ્તાન સતત સીઝફાયરનું ઉલ્લંઘન કરી ભારતને યુદ્ધ માટે ઉશ્કેરી રહ્યું છે. આ ઉશ્કેરણી વચ્ચે ભારતે અમેરિકા સાથે એક મોટી સૈન્ય ડીલ કરી છે. જેનાથી ભારતીય સુરક્ષાદળની તાકાતમાં અનેકગણો વધારો થશે.

અમેરિકાએ ભારત સાથે મરિટાઈમ સર્વેલન્સ ટેકનેલોજી અને ડિવાઈસ વેચવાની ડીલને મંજૂરી આપી છે. ઈન્ડો-પેસિફિક મેરિટાઈમ ડોમેન અવેરનેસ પ્રોગ્રામ (IPMDA) હેઠળ ૧૩ કરોડ ડોલરમાં આ ડીલને મંજૂરી મળી છે. જેનો ઉદ્દેશ ભારતની દરિયાઈ સરહદો પર દેખરેખ અને સુરક્ષામાં વધારો કરવાનો છે.

ભારત અમેરિકા પાસેથી સી વિઝન સોફ્ટવેર, ટેકિન્કલ આસિસ્ટન્સ ફિલ્ડ ટીમ ટ્રેનિંગ, રિમોટ સોફ્ટવેર એન્ડ એનાલિટિક સપોર્ટ અને અન્ય ડિવાઈસ ખરીદશે. સી વિઝન સોફ્ટવેર વેબ આધારિત સોફ્ટવેર છે. જે દરિયાઈ ગતિવિધિઓ પર દેખરેખ રાખે છે. તેમાં ભારતની જરૂરિયાતો અનુસાર, અમુક વિશેષ સુધારાઓ પણ કરાશે.

ટેકિન્કલ અસિસ્ટન્સ અને ટ્રેનિંગમાં અમેરિકાની નિષ્ણાતોની એક ટીમ ભારતમાં ટ્રેનિંગ આપશે. જેથી ભારતીય નૌસેના અને અન્ય સુરક્ષા દળ આ શસ્ત્રોનો અસરકારક ઉપયોગ કરવા સક્ષમ બને. રિમોટ સપોર્ટ



સોફ્ટવેર અને ડેટા એનાલિસિસ માટે રિમોટ ટેકિન્કલ અસિસ્ટન્સ ઉપલબ્ધ કરાવશે.

આ ડીલ બંને દેશો વચ્ચે રક્ષા સહયોગને પ્રોત્સાહન આપશે. અમેરિકા, ભારતનો ટોચનો ડિફેન્સ પાર્ટનર છે. જે ઈન્ડો-પેસિફિક અને દક્ષિણ એશિયામાં શાંતિ અને સ્થિરતા માટે મહત્ત્વપૂર્ણ પાર્ટનરશિપ છે. અમેરિકા ડિફેન્સ સિક્યોરિટી કો-ઓપરેશન એજન્સી અનુસાર, આ ડીલ ક્ષેત્રીય સૈન્ય સંતુલનને અસર કરશે નહીં. તેમજ તેના માટે અમેરિકાના સૈનિકોને ભારતમાં તૈનાત કરવાની જરૂર પડશે નહીં.

# ૧૬ જૂનથી યુપીઆઈ ટ્રાન્જેકશન માત્ર ૧૫ સેકન્ડમાં થઈ જશે

## ટ્રાન્જેકશનનું સ્ટેટસ ચેક કરવા કે પૈસા પરત લેવા પણ ૭૫ ટકા ઝડપી બનશે




**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આગામી ૧૬ જૂન ૨૦૨૫થી આપનું યુપીઆઈ ટ્રાન્જેકશન (ડેબીટ-ક્રેડીટ) માત્ર ૧૫ સેકન્ડમાં થઈ જશે. હાલ તેમાં ૩૦ સેકન્ડ લાગે છે. નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા (એનપીસીઆઈ)એ યુપીઆઈના કામકાજમાં રિસ્પોન્સ ટાઈમ ઘટાડવાનો આદેશ આપ્યો છે. રિસ્પોન્સ ટાઈમ અર્થાત ટ્રાન્જેકશન શરૂ થવાથી લઈને પુરું થવામાં લાગતો સમય. આ ઉપરાંત ટ્રાન્જેકશનનું સ્ટેટસ ચેક કરવા કે પૈસા પરત લેવા પણ ૭૫ ટકા સુધી ઝડપી થઈ જશે. હવે સવાલ ઉઠે છે કે આ નવો નિયમ આપતા યુપીઆઈ એકસપિરિયન્સને કેવી રીતે બદલી દેશે અને શું એથી યુપીઆઈમાં કોઈ મુશ્કેલીઓ આવશે?

માની લો કે આપ કોઈ દુકાને ગયા અને ૫૦૦ રૂપિયાનો સામાન ખરીદયો. આપે આઈસીઆઈસીઆઈ બેન્કના આઈમોબાઈલ એપથી કયુઆર કોડ સ્કેન કરીને પેમેન્ટ કર્યું. તે કયુઆર કોડ એચડીએફસી બેન્ક સાથે જોડાયેલો છે તો આઈસીઆઈસીઆઈ બેન્ક પેમેન્ટની રિકવેસ્ટ જનરેટ કરશે, જે એનપીસીઆઈ નેટવર્કથી એચડીએફસી બેન્કમાં જશે.

પેમેન્ટ થયું કે નહી તે જોઈને એચડીએફસી બેન્ક રિસ્પોન્સ મોકલશે. તે ફરીથી એનપીસીઆઈ નેટવર્કથી આઈસીઆઈસીઆઈ બેન્કમાં આવશે. આ પ્રક્રિયામાં પહેલા ૩૦ સેકન્ડ લાગતી હતી. હવે ૧૬ જૂનથી આ પ્રોસેસ માત્ર ૧૫ સેકન્ડમાં પુરી થઈ જશે. નિષ્ણાંતો કહે છે કે આનાથી માત્ર ટ્રાન્જેકશનનો સમય જ નહીં ઘટે, બલકે સ્ટેટસ ચેક કરવામાં પણ ઘણો ફરક પડશે. નવા નિયમોમાં કહેવામાં આવ્યું છે કે ટ્રાન્જેકશન શરૂ થવા કે વેરીફાઈ થવામાં ૯૦ સેકન્ડ બાદ પીએસપી બેન્ક/અકવાયરીંગ બેન્ક ૫હીમ વાર સ્ટેટસ ચેક કરી શકતા હતા, હવે તે ૪૫થી૬૦ સેકન્ડનું થઈ ગયું છે.

# દેશભરમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન પલ્ટાનો માહોલ સર્જાયો

## દિલ્હી-NCR માં આંધી સાથે ભારે વરસાદ: જળબંબાકાર, ૪ના મોત



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશભરમાં કાળઝાળ ગરમી વચ્ચે હવે હવામાનપલ્ટાનો માહોલ સર્જાયો હોય તેમ આજે વ્હેલીસવારે પાટનગર દિલ્હી-એનસીઆરમાં ભારે વરસાદ તથા કરા વરસ્યા હતા. તેજ પવન સાથે આંધી ફુંકાતા મકાનની છત-પતરા-હોર્ડીંગ ઉડયા હતા. વૃક્ષો થાંભલા ધરાશાયી થયા હતા. તોતીંગ ઝાડ મકાન પર પડતા ચાર લોકોના મોત નિપજયા હતા. વિમાન તથા રેલ વ્યવહાર પણ પ્રભાવિત થયો હતો.

પાટનગર દિલ્હી તથા આસપાસના ક્ષેત્રોમાં અચાનક હવામાનપલ્ટા સાથે ભારે વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ સાથે વ્યાપક ખાનાખરાબી થઈ હતી. ભારે પવન સાથે આંધી-તોફાન ફુંકાયુ હતું. દ્વારકાના એક ગામમાં ટયુબવેલના રૂપ પર મોટુ ઝાડ ખાબકયુ હતું.

ત્યારે રૂમમાં ત્રણ સંતાનો સાથે સુતેલુ દંપતિ ભોગ બન્યુ હતું. ત્રણ સંતાનો તથા તેની માતા સહિત ચારના મોત નિપજયા હતા. જયારે તેનો પતિ ઘાયલ થયો હતો. ભારે વરસાદને કારણે ઠેકઠેકાણે જળબંબાકારની હાલત સર્જાતા વાહનોના અર્ધા પૈડા ડુબી ગયાનુ ચિત્ર ખડુ થયુ હતું.

હવામાન વિભાગ દ્વારા અગાઉ જ વરસાદની ચેતવણી આપવામાં આવી હતી અને હજુ વધુ વરસાદ તથા પવન ફુંકાવાની આગાહી સાથે રેડએલર્ટ ઘોષિત કરવામાં આવ્યુ હતું.


દિલ્હીમાં આજે વ્હેલી સવારથી ચોમાસા જેવો ભારે વરસાદ ખાબકવા સાથે ૭૫ થી ૮૦ કી.મી. સુધીની ઝડપે પવન પણ ફુંકાયો હતો જેને કારણે અનેક મકાનોના છાપરા ઉડયા હતા. સંખ્યાબંધ વૃક્ષો તથા થાંભલા જમીનદોસ્ત થઈ ગયા હતા.

અનેક ઘરોમાં કાચ પણ તૂટી ગયા હતા. દિલ્હી ઉપરાંત નોઈડા-ગાઝીયાબાદમાં પણ ભારે પવન સાથે વરસાદ ત્રાટકયો હતો. કેટલાક સ્થળોએ કરા પણ વરસ્યા હતા. પરિણામે કૃષિક્ષેત્રને વ્યાપક નુકશાનીની આશંકા વ્યક્ત થઈ રહી છે. હવામાન વિભાગે દિલ્હી ઉપરાંત એનસીઆર હરીયાણા તથા પશ્ચિમી ઉતરપ્રદેશમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. યુપીના હાપુડ, ગાઝીયાબાદમાં પણ ભારે વરસાદથી જળબંબાકાર સર્જાયો હતો.

# જસદણમાં પાલિકા સદસ્યએ કરેલી ભ્રષ્ટાચારની ફરિયાદના બે દિવસમાં જ કોન્ટ્રાક્ટરને કરોડો ચૂકવાયા પાલિકાનો ભીતરખાને ખેલ!

**શહેરના ચિતલીયા રોડ પર ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો છતાં પાલિકા તંત્રની ભેદી ચૂપ્પી!**

**રાજ્ય સરકારે એક કિલોમીટરના ડામર રોડ માટે રૂ.૩.૫૨ કરોડની રકમ મંજૂર કરી હતી, રોડની અત્યાર સુધીની કામગીરીની સરખામણીમાં કોન્ટ્રાક્ટરને રૂ.૧.૨૯ કરોડથી વધુની રકમ પાલિકાએ ચૂકવી દીધી**




**મુખ્ય સમાચાર,જસદણ**
**બિજલ ભેસજાળીયા**

જસદણ શહેરના વોર્ડ નં. ૫ માં ચિતલીયા રોડના નિર્માણમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાના ચોંકાવનારા આક્ષેપો સામે આવ્યા છે. ખુદ તે જ વોર્ડના ચૂંટાયેલા પાલિકા સદસ્ય સુરેશભાઈ નથુભાઈ છાયાણી અને વિસ્તારના જાગૃત નાગરિકોએ આ ગેરરીતિઓનો પર્દાફાશ કર્યો છે. રાજ્ય સરકારે આ એક કિલોમીટરના ડામર રોડ માટે રૂ. ૩.૫૨ કરોડની માતબર રકમ મંજૂર કરી હતી અને જસદણ નગરપાલિકાને પ્રથમ હપ્તા રૂપે રૂ. ૧.૪૧ કરોડ પણ ફાળવવામાં આવ્યા હતા. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે રોડની અત્યાર સુધીની કામગીરીની સરખામણીમાં કોન્ટ્રાક્ટરને રૂ. ૧.૨૯ કરોડથી વધુની રકમ ચૂકવી દેવામાં આવી છે તેવા ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. આ અંગે સ્થાનિક લોકોનું કહેવું છે કે, રોડના કામમાં અત્યંત હલકી ગુણવત્તાનું મટિરિયલ્સ વાપરવામાં આવી રહ્યું છે. જેના કારણે રોડની મજબૂતાઈ પર પ્રશ્નાર્થ ઊભો થયો છે. એટલું જ નહીં વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલી કુંડીઓ પણ તૂટી ગયેલી હાલતમાં જોવા મળી રહી છે જે ભ્રષ્ટાચારની ચાડી ખાય છે. આ તમામ ખુલ્લી આંખે દેખાતી ગેરરીતિઓ છતાં જસદણ નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓ આશ્ચર્યજનક રીતે મૌન ધારણ કરીને બેઠા છે. પાલિકા સદસ્ય સુરેશભાઈ છાયાણીએ તો ત્યાં સુધી આક્ષેપ કર્યો છે કે, આ નબળી કામગીરી હોવા છતાં કોન્ટ્રાક્ટરને કરોડો રૂપિયાનું ચુકવણું જસદણ નગરપાલિકાના પ્રમુખ, ચીફ ઓફિસર, એન્જીનીયર, કન્સલ્ટન્ટ એજન્સી અને ટીપીઆઈ સહિતના લોકોએ પોતાના ખીચા ગરમ કરીને મીલીભગત કરી હોઈ શકે છે. હવે સવાલ એ ઊભો થાય છે કે, શું પાલિકા તંત્ર ભ્રષ્ટાચારી તત્વોને છાવરી રહ્યું છે? શું કરોડો રૂપિયાના ભોગે બની રહેલો આ રોડ જસદણના નાગરિકો માટે લાંબા સમય સુધી ટકી શકશે? પાલિકા તંત્રનું આ ભેદી મૌન અને કાર્યવાહીનો અભાવ અનેક શંકાઓને જન્મ આપી રહ્યો છે. આ સમગ્ર મામલાની તટસ્થ તપાસ થવી જોઈએ અને ભ્રષ્ટાચારીઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ તેવી માંગ પ્રબળ બની રહી છે.

### અગાઉ બીલ ચૂકવાઈ ગયું છે હવે પછીના બીલમાં અમે ધ્યાન રાખીશું જીતેન્દ્રભાઈ છાયાણી–પાલિકા પ્રમુખ

અમારા વિરુદ્ધ જે આક્ષેપો થયા છે તે પાયાવિહોણા છે. અમે જસદણમાં વિકાસના કામો થાય તેમાં અમને રસ છે અને પ્રજાના પૈસા ખોટા વેડફાય નહી તે અમારે જોવાનું છે. એમને અમને રજૂઆત કરેલી અને અમે સ્થળ તપાસ પણ કરાવેલ હતી. અગાઉ બીલ ચૂકવાઈ ગયું છે હવે પછીના બીલમાં અમે ધ્યાન રાખીશું. આમાં કોઈને ખીચા ગરમ કર્યા નથી તે વાત એકદમ પાયાવિહોણી છે. આ રોડની કામગીરીમાં કોઈ ભ્રષ્ટાચાર થતો નથી. જો અમને ભ્રષ્ટાચાર થતો ધ્યાને આવશે તો અમે જવાબદારો સામે કાયદેસરના પગલા ભરીશું. મારી પાસે રોડના કામના બધા રીપોર્ટ આવી ગયા છે અને જરૂર પડ્યે એક્શન લેશું. જેટલા ટકા રોડનું કામ થયું છે તેટલા ટકા બીલ ચુકવણું કરેલ છે. મારું કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવ–ળીયા જેવું જ સ્ટેટ્સ છે કે હું કાઈ ખાતો નથી અને કોઈને ખાવા નથી દેવાનો. છતાં હું આ બાબતે ચીફ ઓફિસરને બોલાવી યોગ્ય નિર્ણય કરીશું.

### સ્થળ ઉપર જેટલું કામ નથી થયું તેના કરતા વધુ બીલ પાલિકાએ કોન્ટ્રાક્ટરને ચૂકવી આપેલ છે : સુરેશભાઈ છાયાણી–વોર્ડ નં.૫ ના પાલિકા સદસ્ય

આ રોડમાં થયેલા ભ્રષ્ટાચારમાં જસદણ નગરપાલિકાના અધિકારીઓ અને સત્તાધીશો શામેલ હોય તેવું મને લાગે છે. આ રોડ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૩.૫૨ કરોડની રકમ ફાળવવામાં આવી હતી અને જસદણ પાલિકાને રૂ.૧.૪૧ કરોડનો પ્રથમ હપ્તો આપવામાં આવ્યો હતો. મેં ગત તા.૧૬ ના આ રોડમાં થયેલ ભ્રષ્ટાચાર બાબતે પાલિકામાં લેખિત ફરિયાદ કરેલી હતી. છતાં જસદણ પાલિકાના જવાબદારોએ ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવાના બદલે આ રોડના કામના કોન્ટ્રાક્ટરને પાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર અને તેમની ટીમ દ્વારા પોતાના ખીચા ગરમ કરી તા.૧૮ ના રોજ રૂ.૧.૨૯ કરોડનું બીલ ચૂકવી આપેલ છે. જ્યારે પાલિકાની ટીમ તપાસમાં આવી હતી ત્યારે એન્જીનીયર બાવળીયાભાઈએ પોતે સ્વીકારેલ કે આવી ગેરરીતી ન ચાલે. જ્યારથી મેં પાલિકાને ફરિયાદ આપી છે ત્યારથી આજદિન સુધીમાં એકપણ રીપોર્ટ આવેલ નથી. ચીફ ઓફિસર માત્ર મૌખિક વાતો જ કરે છે. આ બાબતે પ્રાદેશિક કમિશનર દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તો આ રોડમાં થયેલ ભ્રષ્ટાચાર ખુલ્લો પડી શકે તેમ છે. આ રોડમાં હલકી ગુણવતાવાળી જ કામગીરી કરવામાં આવેલ છે. મેં પાલિકામાં લેખિત રજૂઆત કરી હતી છતાં તપાસ કરવાના બદલે કોન્ટ્રાક્ટરને બે–બે બીલ તાત્કાલિક ચૂકવી દેવામાં આવ્યા છે તે વ્યાજબી વાત નથી. આ રોડની સાઈડમાં જે વરસાદી પાણીના નિકાલની પાઈપલાઈન નખાઈ છે તેમાં પાણીનો નિકાલ પણ થઈ શકે તેમ નથી અને તેની કુંડીઓ પણ તૂટેલી છે છતાં કોન્ટ્રાક્ટરને પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરની મિલીભગતથી બીલ ચૂકવી આપવામાં આવેલ છે. આ ભ્રષ્ટાચારમાં પાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર અને એન્જીનીયર સહિતે ખીચા ગરમ કરી લીધા હોય તેવું મને લાગે છે. સ્થળ ઉપર જેટલું કામ નથી થયું તેના કરતા વધુ બીલ પાલિકાએ કોન્ટ્રાક્ટરને ચૂકવી આપેલ છે. મેં ગત તા.૧૬ ના પાલિકામાં લેખિત રજૂઆત કરી અને તા.૧૭ ના ટકાવારી નક્કી થઈ ગઈ અને તા.૧૮ ના રોજ કોન્ટ્રાક્ટરને બિલનું ચુકવણું થઈ ગયેલ છે. તો આ ભ્રષ્ટાચાર નથી તો શું છે તેવો મારો સવાલ છે.

### એન્જીનીયર, કન્સલ્ટન્ટ એજન્સી, ટીપીઆઈ ત્રણેયના રીપોર્ટ મુજબ તેમણે જણાવેલ કે તેમાં કોઈ ગેરરીતી થયેલ નથી : રાજુભાઈ શેખ–ચીફ ઓફિસર

અમને વોર્ડ નં.૫ ના કોર્પોરેટર દ્વારા જે ફરિયાદ મળેલી તેના બીજા જ દિવસે અમારા એન્જીનીયર, કન્સલ્ટન્ટ એજન્સી, ટીપીઆઈ તમામને આ બાબતે જાણ કરી અને તપાસ કરાવેલ. તેમાં મટીરીયલ્સ વાપરવા બાબતે જે ફરિયાદ હતી તેની તપાસ કરાવેલ જેમાં એન્જીનીયર, કન્સલ્ટન્ટ એજન્સી, ટીપીઆઈ એમ ત્રણેયના રીપોર્ટ મુજબ તેમણે જણાવેલ કે તેમાં કોઈ ગેરરીતી થયેલ નથી. હજી કોઈ બાબત અંગેની ફરિયાદ હશે તો અમે ગેરીમાં રીપોર્ટ મોકલી તેની તપાસ કરાવીશું. આ જે આક્ષેપો કરાયા છે તે પાયાવિહોણા છે. તે રોડની સંપૂર્ણપણે તપાસ કરાવેલ છે અને તેના ડોક્યુમેન્ટરી પ્રૂફ પણ અમારી પાસે છે. અમે રજૂઆત બાદ તપાસ કરીને ત્યારબાદ જ કોન્ટ્રાક્ટરને બીલ ચૂકવેલ છે. અત્યારે જે રોડની કામગીરી થાય છે નિયમ મુજબ જ થાય છે.

## જામનગરની ગુરૂ ગોવિંદસિંઘ સરકારી હોસ્પિટલના ગાયનેક વિભાગે ગુણવત્તાયુક્ત સેવાઓ બદલ લક્ષ્ય પ્રમાણપત્ર મેળવ્યું



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરની ગુરૂ ગોવિંદસિંઘ સરકારી હોસ્પિટલના ગાયનેક વિભાગે રાષ્ટ્રીય સ્તરે આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધારવા માટેના મહત્વપૂર્ણ લક્ષ્ય પ્રોગ્રામ અંતર્ગત મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તાજેતરમાં આરોગ્ય વિભાગ, ગાંધીનગર દ્વારા હોસ્પિટલના ગાયનેક વિભાગને લક્ષ્ય પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. આ મૂલ્યાંકનમાં લેબર રૂમ ૯૪% અને મેટરનિટી ઓ.ટી. ૯૩% ના ઉચ્ચ ગુણ સાથે સફળતાપૂર્વક પ્રમાણિત થયા છે.ઉલ્લેખનીય છે કે,તા.૧૬/૦૪/૨૦૨૫ના રોજ રાજ્યકક્ષાના નિયુક્ત એસેસર દ્વારા ગાયનેક વિભાગના લેબર રૂમ અને મેટરનિટી ઓ.ટી.નું સઘન મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.આ મૂલ્યાંકન દરમિયાન ઉપલબ્ધ તબીબી સેવાઓ, સહાયક સેવાઓ, સ્ટાફની કાર્યક્ષમતા, વિવિધ દસ્તાવેજો અને સૂચકાંકોની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી હતી. રાજ્યકક્ષાના એસેસર તરીકે ગાયનેક વિભાગના વડા, પી.ડી.યુ મેડીકલ કોલેજ રાજકોટ અને એ.એચ.એ, પી.ડી.યુ મેડીકલ કોલેજ રાજકોટ દ્વારા આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.જી.જી.હોસ્પિટલના ગાયનેક વિભાગના નિષ્ણાંત તબીબો, નર્સિંગ સ્ટાફ અને વહીવટી સ્ટાફના અથાગ અને સમર્પિત પ્રયત્નોના પરિણામે આ પ્રતિષ્ઠિત લક્ષ્ય.પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન હોસ્પિટલમાં ૮,૪૪૨ સફળ ડિલિવરી નોંધાઈ છે, અને ૧૬,૯૧૩ સગર્ભા માતાઓને ગુણવત્તાયુક્ત સારવાર પૂરી પાડવામાં આવી છે.

## મોરબી મહાનગરપાલિકા અને ગુજરાત યોગ બોર્ડની પહેલ : કેસરબાગ ખાતે વિનામૂલ્યે યોગ કલાસીસની શુભ શરૂઆત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકા અને ગુજરાત રાજય યોગ બોર્ડના સહયોગથી ગુજરાત સ્થાપના દિવસ ૦૧ મે ૨૦૨૫ થી કેસરબાગ ખાતે દરરોજ સવારે ૭.૩૦ થી ૮.૩૦ વાગ્યા સુધી મોરબીના નગરજનો માટે વિનામૂલ્યે યોગ કલાસીસ શરૂ કરવામાં આવ્યા છે. મોરબીવાસીઓ માટે સારા આરોગ્ય અને સુખાકારીની દિશામાં મોરબી મહાનગરપાલિકા દ્વારા આ આયોજન ચાલુ કરવામાં આવ્યુ છે.

મોરબી મહાનગરપાલિકા અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મોરબી નગરજનોના આરોગ્ય અને સુખાકારી માટે ગુજરાત સ્થાપના દિવસ ૦૧ મે ૨૦૨૫ થી યોગ કલાસીસનો આરંભ કરવામાં આવ્યો છે. કેસરબાગ ખાતે દરરોજ સવારે ૭.૩૦ થી ૮.૩૦ દરમિયાન યોજાતા આ યોગ શિબિરમાં નગરજનોને વિનામૂલ્યે યોગાભ્યાસનો લાભ મળશે. આ યોગ કલાસીસનો મુખ્ય ઉદ્દેશ મોરબી નગરજનોમાં યોગ વિશે જાગૃતિ લાવવી અને તેમને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહન આપવાનું છે. યોગ કલાસીસ નિયમિત અને સતત ચાલતી રહેશે, જેથી વધુમાં વધુ નાગરિકો તેનો લાભ લે તેમ મોરબી મહાનગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## વાંકાનેર ચોરાઉ બાઈક સાથે રીઢા વાહન ચોરને પકડી લેતી સીટી પોલીસ ટીમ




**મુખ્ય સમાચાર,વાંકાનેર**

વાંકાનેર સીટી પોલીસ મથક ટીમે પૂર્વ બાતમીને આધારે રાજકોટના રીઢા વાહન ચોરને વાંકાનેરમાંથી ચોરી કરેલ બાઈક સાથે પકડી લેવામાં આવ્યો છે, આ સાથે પોલીસે બાઈક ચોરીના નોંધાયેલ ગુનામાં ગણતરીની કલાકોમાં રીઢા બાઈક ચોરને દબોચી લઈ તેની પાસેથી ચોરીનું બાઈક રિકવર કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેર સીટી પોલીસ મથકના કોન્સ. હિતેન્દ્રસિંહ મનુભા ઝાલાને ટેકનીકલ સોર્સ તેમજ હ્યુમનસોર્સથી ખાનગીરાહે હકીકત મળેલ વાંકાનેર સીટી પોલીસ મથકમાં નોંધાયેલ ચોરીના ગુનામાં, ચોરી કરેલ મોટર સાયકલ સાથે એક ઈસમ અમરસિંહજી હાઈસ્કુલ પાસે ખુલ્લા ગ્રાઉન્ડમા ઉભેલ છે. જે હિકકત આધારે ઉપરોક્ત સ્થળે તપાસ કરતા, એક ઇસમને મોટર સાયકલ સાથે પકડી તેના કાગળો બાબતે પ્રાથમિક પુછપરછ કરી હતી, પરંતુ બાઇકને કાગળો વિશે ગલ્લા-તલ્લા કરતો હોય, જેથી પોલીસે આગવી ઢબે સઘન પુછપરછ કરતા આ મોટર સાયકલ વાંકાનેર પીરમસાય હોસ્પીટલ પાછળથી ચોરી કરેલ હોવાની કબુલાત આપી હતી, જેથી આરોપી હનીફશા ઇબ્રાહીમશા શાહદાર ઉવ-૩૬ રહે-ચુનારાવાડ ચોકમા શેરી નં.૫ ભાવનગર રોડ રાજકોટ વાળાને ચોરી કરેલ હિરો હોન્ડા સ્પ્લેન્ડર રજી નં. જીજે-૧૦-કે-૮૮૦૭ કિ.રૂ ૩૦ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પકડાયેલ વાહન ચોર આરોપી હનીફશા શાહમદાર વિરુદ્ધ રાજકોટ, મોરબી તથા વાંકાનેરમાં વાહન ચોરીના ૧૨

## વાંકાનેરના હોલમઢ ગામે વાડીમાં જારના પુળામાં છુપાવી રાખેલ વિદેશી દારૂની ૫૬૪ બોટલ તથા બિયરના ૧૫૧૨ ટીન ઝડપાયા

**મોરબી ક્રાઈમ બ્રાંચની કાર્યવાહી રૂ.૫.૨૭ લાખનો દારૂ-બિયરનો જથ્થો પકડ્યો,આરોપી વાડી-માલીક ફરાર**



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમને મળેલ બાતમીને આધારે વાંકાનેર તાલુકાના હોલમઢ ગામની સીમમાં આવેલ બચુભાઇ બોળીયાની વાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો, જેમાં વાઢેલી લીલી જારના પુળા નીચે સંતાડી રાખેલ ઇંગ્લીશ દારૂની બોટલો નંગ-૫૬૪ તથા બીયર ટીન નંગ-૧૫૧૨ મળી કુલ કિ.રૂ.૫,૨૭,૪૦૦/- નો મુદામાલ ઝડપી લેવામાં આવ્યો હતો, દરોડા દરમિયાન આરોપી વાડી-માલીક હાજર નહિ મળી આવતા, તેને ફરાર જાહેર કરી ક્રાઈમ બ્રાંચ પોલીસે આરોપી વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

મોરબી ક્રાઇમ બ્રાંચ પીઆઇ એમ.પી.પંડયાને ખાનગીરાહે હકિકત મળેલ કે, વાંકાનેર તાલુકાના હોલમઢ ગામે જાલીડા જવાના જુના કાચા રસ્તે આવેલ બચુભાઇ પોપટભાઇ બોળીયાની વાડીમાં લીલી વાઢેલ જારના પુળા નીચે ઇંગ્લીશ દારૂ બીયરનો જથ્થો સંતાડી રાખી તેનુ બચુભાઇ બોળીયા વેચાણ કરે છે. તેવી ચોકકસ હકિકત આધારે એલસીબી ટીમ દ્વારા ઉપરોક્ત વાડીએ રેઇડ કરતા જારના પુળાની નીચેથી વિદેશી દારૂ બેગપાઈપર ડિલક્ષ વ્હિસ્કીની ૫૬૪ નંગ બોટલ તથા કિંગફિશર સ્ટ્રોંગ બિયરના ૧,૫૧૨ નંગ ટીન એમ કુલ કિ.રૂ.૫,૨૭,૪૦૦/- નો મુદ્દામાલ મળી આવ્યો હતો, દરોડા દરમિયાન આરોપી બચુભાઇ પોપટભાઇ બોળીયા ભરવાડ રહે.હોલમઢ ગામ તા.વાંકાનેર વાળો હાજર ન મળી આવતા તેને ફરાર દર્શાવી એલસીબી પોલીસે ફરાર આરોપી વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવી, આરોપીને પકડી

## મોરબી તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત એ ડિવિઝન પોલીસે ૨૧ મોબાઈલ શોધી મૂળ-માલીકને સોપ્યા

**ઘરમાં થયેલ ચોરીના રૂ.૧૭.૨૧ લાખના સોના ચાંદીના ઘરેણાં તથા રોકડ અરજદારને પરત કર્યા**



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશને ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અને ''CEIR'' પોર્ટલના ઉપયોગથી ૨૧ ખોવાયેલ મોબાઈલ શોધી રૂ. ૩,૮૧,૦૦૦ ના મુદ્દામાલ મૂળ માલીકને પરત આપ્યા છે. આ ઉપરાંત ચોરીના ગુન્હામાં રૂ. ૧૦.૨૦ લાખના દાગીના અને રૂ. ૩.૨૦ લાખની રોકડ સહિત કુલ રૂ. ૧૭.૨૧ લાખનો મુદ્દામાલ પણ ફરિયાદીને સોંપવામાં આવ્યો છે.

મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશને ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અને CEIR પોર્ટલનો અસરકારક ઉપયોગ કરીને ખોવાયેલા મોબાઇલ શોધી કાઢ્યા છે. સીટી એ ડિવિઝન પીઆઇ આર.એસ. પટેલના સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પો.કોન્સ. પૃથ્વીરાજસિંહ જાડેજા અને પો.કોન્સ. કપીલભાઇ ગુર્જર દ્વારા ટેકનિકલ વર્ક આઉટ કરી, ''CEIR'' પોર્ટલ પર નોંધણી કરીને સતત મોનીટરીંગ દ્વારા વિવિધ લોકોએ ગુમાવેલા મોબાઈલ ફોનનું સતત મોનીટરીંગ કરી કુલ ૨૧ મોબાઈલ ફોન મળી જેની કુલ કિંમત રૂ. ૩,૮૧,૦૦૦/- ના મુદ્દામાલ અરજદારોને પરત આપ્યા છે. આ ઉપક્રમે ''પોલીસ પ્રજાની મિત્ર છે'' એ વાતને સાર્થક કરી છે.

તદુપરાંત મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ચોરીની ફરિયાદમાં શનાળા રોડ સ્થિત ન્યુ ગુજરાત હાઉસીંગ બોર્ડના ભાડાના મકાનમાંથી ચોરીમાં ગયેલ સોના-ચાંદીના દાગીના રૂ. ૧૦,૨૦,૦૦૦/- તથા રોકડ રકમ રૂ. ૩,૨૦,૦૦૦/- એમ કુલ રૂ.૧૭.૨૧ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો હતો, તે મુદ્દામાલ પણ ફરીયાદીને સોપવામાં આવ્યો છે.

આ સમગ્ર કામગીરીમાં પીઆઇ આર.એસ. પટેલ, પીએસઆઇ જયસુખભાઇ ગોહિલ, એએસઆઇ કિશોરભાઇ મિયાત્રા, સવજીભાઇ દાફડા, જયવંતસિંહ ગોહિલ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, વિજયદાન હરદાન, હિતેશભાઇ વશરામભાઇ, સિદ્ધરાજસિંહ જાડેજા, કપીલભાઇ ગુર્જર, પૃથ્વીરાજસિંહ જાડેજા, જયદીપભાઇ ગઢવી, તથા મહિલા કોન્સ્ટેબલ કોમલબેન મિયાત્રા અને મોનાબેન રાઠોડ રોકાયેલ હતા.

## મોરબી મહાનગરપાલિકા દ્વારા મિલકત વેરા ભરપાઈ માટે ૧૨૬૬ મિલકતધારકોને વોરંટ આપ્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા મળતી ૧૦% રિબેટની છૂટછાટ છતાં વર્ષ ૨૦૨૪-૨૫ના બાકી મિલકતવેરાની ભરપાઈ ન કરનાર ૧૨૬૬ મિલકતધારકો સામે તા.૧ એપ્રિલ થી ૨૫ એપ્રિલ દરમિયાન વોરંટ બજવણી કરાઈ છે. તેમજ સીલ કરેલી મિલકતો ટૂંક સમયમાં હરાજી દ્વારા વસૂલાશે. વર્ષ ૨૦૨૫-૨૬માં પણ વેરા ભરપાઈ ન કરનાર સામે ટાંચ-જપ્તીની કાર્યવાહી થવાની છે. આ સાથે મનપા દ્વારા જનતાને વેરો ભરવાની અપીલ કરાઈ છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા મિલકતવેરા અંગે જનતા માટે ૧૦% રિબેટ આપવામાં આવી રહી છે, છતાં મોટી સંખ્યામાં મિલકતધારકોએ ૨૦૨૪-૨૫ના વર્ષ માટે વેરા ભર્યો નથી. આથી મહાનગરપાલિકા ટેકસ શાખાએ કડક વલણ અપનાવતા તા. ૦૧ એપ્રિલ ૨૦૨૫ થી ૨૫ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન કુલ ૧૨૬૬ મિલકતધારકો વિરુદ્ધ વોરંટ બજવણીની કાર્યવાહી હાથ ધરી છે. આ સિવાય જે મિલકતો સીલ કરવામાં આવી છે, તે મિલકત ટૂંક સમયમાં હરાજી દ્વારા વેચી દેવામાં આવશે અને બાકી રકમ વસૂલ કરવામાં આવશે. આ સાથે આવક વિભાગે ચેતવણી આપી છે કે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન પણ જે મિલકતધારકો ગયા વર્ષની બાકી રકમ નહીં ભરે, તેમની મિલકત ટાંચમાં લઇ, જપ્ત કરવામાં આવશે. આ કાર્યવાહી એપ્રિલથી જૂન ૨૦૨૫ વચ્ચે તબક્કાવાર રીતે અમલમાં મુકાશે.

મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે તેઓ તાત્કાલિક પોતાની બાકી રકમ ભરપાઈ કરે. વેરો ભરવા માટે www.enagar.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઇન પેમેન્ટ કરી શકાય છે. ઉપરાંત, શહેરમાં આવેલા સિવિક સેન્ટર રેલવે સ્ટેશન પાસે પહેલા માળે તેમજ મોરબી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં પણ વેરો ભરી શકો છો. છે.

## જામનગર જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા ૧૬ લાખથી વધુનો ગેરકાયદે અનાજનો જથ્થો તથા મુદ્દામાલ જપ્ત કરાયો



**ગુલાબનગર ડમ્પયાર્ડ પાસે દરોડો પાડતા ચોખા, ઘઉં, બાજરી અને ચણાનો ગેરકાયદે જથ્થો મળી આવતા જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા તપાસ હાથ ધરાઈ**

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, જિલ્લા કલેકટર કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ મામલતદાર, જામનગર શહેર અને જિલ્લા પુરવઠા કચેરીની ટીમે ગુલાબનગર-હાપારોડ ઓવરબ્રીજ પાસેના ડમ્પયાર્ડ પાછળ આવેલ મંદિરના ખુલ્લા મેદાનમાં દરોડો પાડ્યો હતો. આ આકસ્મિક તપાસણીમાં છૂટક ફેરિયાઓ મારફત ખરીદી કરી ગેરકાયદેસર રીતે સંગ્રહ કરવામાં આવેલો અનાજનો મોટો જથ્થો મળી આવ્યો હતો.ઝડપાયેલા અનાજમાં ૨૬,૨૫૦ કિલોગ્રામ ચોખા કે જેની બજાર કિંમત રૂ.૧૦,૨૩,૭૫૦, ૧૩,૯૯૦ કિલોગ્રામ ઘઉં જેની બજાર કિંમત રૂ. ૩,૭૭,૭૩૦, ૩૯૦ કિલોગ્રામ બાજરી જેની કિંમત રૂ.૧૦,૫૩૦ અને ૩૦૦ કિલોગ્રામ ચણા બજાર કિંમત રૂ.૧૬,૫૦૦નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સ્થળ પરથી ૪ રીક્ષા, ૧ મોટરસાઈકલ અને ૫ વજનકાંટા પણ જપ્ત કરવામાં આવ્યા હતા.આમ,તંત્ર દ્વારા કુલ રૂ.૧૬,૫૧,૫૧૦.નો મુદ્દામાલ સ્થગિત કરવામાં આવ્યો છે.તેમજ તપાસ પૂર્ણ થયા બાદ જવાબદારો સામે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જિલ્લા પુરવઠા અધિકારી જામનગર દ્વારા જણાવાયું છે.

### મોરબીના ત્રાજપર ખારીના રહેણાંકમાંથી વિદેશી દારૂની નાની-મોટી ૨૭ બોટલ ઝડપાયી

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે સામાકાંઠા વિસ્તારમાં રામકુવા વાળી શેરી ત્રાજપર ખારીમાં આવેલ નિલેશભાઈ ડાભીના રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની અલગ અલગ માપની અને બ્રાન્ડની કુલ ૨૭ નંગ બોટલ ઝડપી લેવામાં આવી છે, જ્યારે આરોપી નિલેશભાઈ ભરતભાઇ ડાભી દરોડા દરમિયાન સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી, બી ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### મોરબીની ત્રાજપર ચોકડી નજીક ઇંગ્લીશ દારૂની એક બોટલ સાથે પરપ્રાંતિય પકડાયો

મોરબી નેશનલ હાઇવે ત્રાજપર ચોકડી નજીક બી ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન એક ઈસમ શંકાસ્પદ હાલતમાં લાગતા, તેને રોકી તેની અંગઝડતી લેતા, પેન્ટના નેફામાંથી ઈંગ્લીશ દારૂ મેકડોવેલ્સ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૫૬૨/- મળી આવી હતી, જેથી આરોપી નરેન્દ્ર ભગવાનસિંગ કુરમી ઉવ.૩૨ હાલ રહે.વાંકાનેર પેડક સોસાયટીમાં ભાડેથી મૂળરહે. ચાંદપુર ગામ તા.તુરઈ જી.સાગર(મધ્યપ્રદેશ) વાળાની અટક કરી, આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### હળવદના સુખપર ગામના પાટીયા પાસેથી યુવક વિદેશી દારૂની બોટલ સાથે પકડાયો,દારૂ આપનારનું નામ ખુલ્યું

હળવદ અમદાવાદ હાઈવે ઉપર સુખપર ગામના બોર્ડ નજીક જાહેરમાં શંકાસ્પદ હાલતમાં હિલચાલ કરતા યુવકને રોકી હળવદ પોલીસ ટીમ દ્વારા તેની તલાસી લેતા, તેના પેન્ટના નેફામાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જ વ્હિસ્કીની એક નંગ બોટલ કિ.રૂ.૬૯૬ મળી આવતા તુરંત આરોપી પ્રવીણભાઈ છગ્ગનભાઇ પોકાર ઉવ.૩૨ રહે.હળવદ ટાઉનમાં સરા રોડ વિશ્વાસ-૧ સોસાયટી મૂળ રહે. ખેડોઈ તા.અંજાર જી.કચ્છ વાળાની અટક કરવામાં આવી હતી, જ્યારે પકડાયેલ આરોપીની પ્રાથમિક પૂછતાછમાં આ વિદેશી દારૂની બોટલ હળવદ તાલુકાના સુખપર ગામના માહિપાલસિંહ અભેસંગ ગોહિલ આપી ગયો હોવાનું જણાવતા, પોલીસે તે આરોપીને ફરાર દર્શાવી, બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શિક્ષક માતા-પિતાના પુત્રની સફળ કહાની....

# રાજકોટના દુષ્યંત ભેડાએ બીજી વાર યુ.પી.એસ.સી. પરીક્ષા ઉત્તીર્ણ કરીને રાજકોટનું ગૌરવ વધાર્યું

- ખરૂં સપનું એ કે જે ઉંઘવા ન દે...મકકમ મન અને નકકર આયોજન સાથે ૨૦૨૩ અને ૨૦૨૫મા યુ.પી.એસ.સી ઉત્તીર્ણ કરતાં ભેડા
- સંઘર્ષ વિના કયારેય સફળતા નથી. યુવા મિત્રોને નિરાશ થયા વગર આત્મવિશ્વાસથી સતત ઝઝુમવાનો સકસેસ મંત્ર આપતા ભેડા




**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતીઓ માટે માન્યતા છે કે, ગુજરાતી પ્રજા વ્યવસાયે મોખરે.....સનદી અધિકારી બનવા માટે ભારતની સૌથી અઘરી સ્પર્ધાત્મક પરીક્ષા અને યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી સિવિલ સર્વીસ એકઝામમાં એક સમયે ગુજરાતી ઉમેદવારો ઉત્તિર્ણ જ થતા ન હતાં. આજે આ પરીક્ષામાં પણ ધીમે ધીમે ગુજરાતી ઉમેદવારોની સંખ્યા વધવા લાગી છે. તાજેતરમાં જ જાહેર થયેલા યુ.પી.એસ.સી.ના આખરી રીઝલ્ટના ટોપ-૩૦માં ગુજરાતના ૩ તારલાઓ સહિત કુલ ૨૬ ઉમેદવારો પાસ થયા છે. જેમાં રાજકોટના દુષ્યંત ભેડાએ બીજીવાર આ પરીક્ષા પાસ કરી સમગ્ર સૌરાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે.

મૂળ ઉપલેટાના વતની અને હાલ રાજકોટમાં વસતાં શ્રી દુષ્યંત પ્રવિણભાઈ ભેડાએ સાબિત કરી બતાવ્યું કે, મક્કમ મન અને આયોજન નક્કર હોય તો સફળતા મેળવતાં કોઈ રોકી શકતું નથી. તેમણે ડો.અબ્દુલ કલામના વાકય '' ઉજજવળ કારકિર્દીના સપના તો દરેક યુવાનો જુએ જ છે, પરંતુ સપનું સાકાર કરવા માટે સમયસર જાગી જવું પડે ! ઉંઘમાં આવે એ સપનું નથી. ખરૂં સપનું એ છે કે જે ઉંઘવા ન દે !! ''ને સાર્થક કરીને સ્પર્ધાત્મક પરીક્ષા આપનાર લાખો યુવાઓને પ્રેરણા પૂરી પાડી છે.

પરીક્ષા પાસ કરવા અંગે શ્રી ભેડાએ કહ્યું હતું કે, ''આ પરીક્ષા માટે મહત્ત્વનાં પાસાંઓ અને વિશ્લેષણાત્મક બાબતો પર ભાર મુકવા ઉપરાંત ટાઇમ મેનેજમેન્ટ ખુબ જ મહત્વ ધરાવે છે. આયોજનપૂર્વકની તૈયારી કરી હોવાથી પ્રથમ પ્રયત્ને પ્રિલિમિનરી પાસ કરી દીધી હતી. હાલ આખરી પરીક્ષામાં બીજી વાર ઉત્તીર્ણ થવાની ખુશી છે. પહેલીવાર મોક ટેસ્ટ આપી ત્યારે ૩ કલાકને બદલે સાડા ચાર કલાકમાં પેપર માંડ પુરૂં થયું હતું. મિનિટોની ગણતરી કરીને ગુણના પ્રમાણમાં જ સમય આપવો જરૂરી છે. કોઇ એક સવાલનો જવાબ લંબાણથી આપવાને બદલે તમામ સવાલોના જવાબો આપીએ તો જ વધુ ગુણ મેળવી શકાય.

પ્રથમ વખતની તૈયારી વખતે તાજા પરણેલા હોવાથી તૈયારીની સાથે સામાજીક જવાબદારી પણ નિભાવવાની હતી. પણ જીવનસંગિની ગોપીબેન સહિત પરિવારનો સાથ અને મોટીવેશન મળતું રહેલું. પ્રથમ વાર પરિણામ આવ્યું ત્યાં સુધી સતત ચિંતા હતી પણ મન કહેતું હતું કે બધુ જ સારૂં થશે. આ વખતે તો આગળનો અનુભવ હોવાથી પૂરતો આત્મ વિશ્વાસ હતો કે પાસ થઇશ જ'' તેમ તેમણે ઉમેર્યું હતું.

''સકસેસ ફોર્મ્યુલા !''

હકારાત્મક વિચારધારા ધરાવતાં દુષ્યંત ભેડા યુવાઓને સંદેશ આપતાં જણાવે છે કે, ''સંઘર્ષ વિના કયારેય સફળતા મળતી નથી. અગનગોળાની ભઠ્ઠીમાં તપીને જ ઘરેણાં બને છે. આજના પડકારજનક સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં યુવા મિત્રોએ નિરાશ થયા વગર આત્મવિશ્વાસથી સતત ઝઝુમવાનું ચાલુ જ રાખવું જોઇએ. એકવાર ધ્યેય નકકી કર્યા બાદ વચ્ચે કયાંય અટકવું ન જોઇએ. મહેનત કરનારને ફળ મળશે જ !''

ગુજરાતી માધ્યમમાં જ શાળાકીય અભ્યાસ સાથે ધો.૧૨ સાયન્સમાં સમગ્ર રાજ્યમાં આઠમો ક્રમ,નિરમા યુનિવર્સિટીમાં મિકેનિકલ એન્જિનિયરિંગ અને CATની પરીક્ષા બાદ કેરળ ખાતે IIM કોઝિકોડ, માલાબારમાથી ડિગ્રી મેળવી ઉજજવળ કારકિર્દીમા મોટી મોટી મલ્ટિનેશનલ કંપનીઓમાં ૬ વર્ષ સેવાઓ આપ્યા બાદ પણ શ્રી ભેડાનું સ્વપન તેમને ઉંઘવા દેતું ન હોવાથી અઢળક પગારની નોકરી છોડવાનો નિર્ણય લઇ લીધો.

લાખો રૂપિયાના પગારની મલ્ટિનેશનલ કંપનીઓની નોકરી છોડીને સ્થિર થઈ રહેલી જિંદગીમાં લગ્ન થયાના બે મહિના બાદ જાન્યુઆરી ૨૦૨૨માં દુષ્યંતભાઇને યુ.પી.એસ.સી પરીક્ષા આપવાનો વિચાર આવ્યો. વિચાર અને સ્વપન તો બધા જોતાં જ હોય પણ તેઓ મકકમ હોવાથી ૨૦૨૩ અને હાલની પરિક્ષામાં ઝળહળતી સફળતા મેળવી શક્યા છે. જેમાં તેમને મોટાભાઈ એવા શ્રી વિવેક ભેડાનું માર્ગદર્શન સતત મળતું રહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, તેઓ ઉપલેટાની પ્રાથમિક શાળાના શિક્ષિકા ઉષાબહેન તથા અંગ્રેજી સાહિત્યના અધ્યાપક પ્રો.પ્રવિણભાઇ ડી. ભેડાના સુપુત્ર છે. તેમના મોટાભાઈ શ્રી વિવેક ભેડા, (IPS) હાલ મહીસાગર જિલ્લામાં એ.એસ.પી. તરીકે ફરજ બજાવે છે. દુષ્યંતભાઇએ અગાઉ ૨૦૨૩ માં પણ યુ.પી.એસ.સી. પાસ કરી હોવાથી હાલ તેઓ Indian Revenue Service (IRS)માં તાલીમમાં છે. તેઓ હાલ ઇન્કમટેક્સ વિભાગમાં ફરજ બજાવે છે. અગાઉ પણ તેઓએ જી.પી.એસ.સી. પાસ કરીને ગુજરાત સરકારના અધિકારી તરીકે ચાલુ નોકરીમાં કોઈ પણ રજા લીધા સિવાય પ્રથમ વારની યુ.પી.એસ.સી પરીક્ષા ઉચ્ચ ગુણાંકથી પાસ કરી હતી.

આટલી મોટી સિધ્ધિ બીજી વાર પ્રાપ્ત થાય એટલે મા-બાપની છાતી ગજ-ગજ ફૂલાય જ. બે સગા ભાઈઓએ ડાયરેકટ આ પરીક્ષા પાસ કરી હોય તે સમગ્ર ગુજરાત રાજ્ય માટે ગૌરવરૂપ ઘટના છે. દુષ્યંતભાઈની સફળતાએ, જીવનનું બીજું નામ જ સંઘર્ષ છે તેમ સંદેશ આપે છે.

**આલેખન અશ્વિન જાટીયા- ગાંધીનગર**
**સંકલન- દિવ્યા ત્રિવેદી- રાજકોટ**

## રાજકોટ સમાચાર

### ગોંડલમાં આઈ.ટી.આઈ. ખાતે પ્રવેશ પ્રક્રિયા ચાલુ

રાજકોટ જિલ્લાના ગોંડલમાં આવેલી આઈ.ટી.આઈ. (ઈન્ડસ્ટ્રીઅલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ) ખાતે પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. પ્રવેશ ફોર્મ વિનામૂલ્યે ભરવા અથવા //.../ વેબસાઈટ પર ઓનલાઈન ભરવાની કામગીરી તા. ૩૦ જૂન, ૨૦૨૫ સુધી કરી શકાશે. વધુ જાણકારી માટે ગોંડલમાં નેશનલ હાઈવે - ૨૭ પર ૬૬ કે.વી. સબસ્ટેશનની બાજુમાં એમ.બી.આઇ.ટી.આઇ. ખાતે રૂબરૂ અથવા ફોન નં. ૦૨૮૨૫ - ૨૪૦૩૨૨ પર સંપર્ક કરી શકાશે, તેમ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગોંડલની યાદીમાં જણાવાયું છે.

### અપહત તરુણી વિશે જાણકારી આપવા અંગે

રાજકોટ શહેરમાં પોસ્ટ ઓફીસની બાજુમાં ગીતાનગર શેરી નં. ૬માં રહેતા ચંદનકુમાર શિવજી પાસવાનની તરુણ વયની દીકરીને ગત તા. ૨૬ એપ્રિલના રોજ અજાણ્યો ઈસમ ઘરેથી અપહરણ કરી લઈ ગયો છે. તરુણી ઉંચાઈ આશરે સાડા ચાર ફૂટ, મધ્યમ બાંધો અને ઘઉં વર્ણ ધરાવે છે. જો કોઈને તરુણી વિશે જાણ હોય તો મો.નં. ૬૩૫૯૬ ૨૯૯૦૨ અથવા માલ-વીયાનગર પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ સંપર્ક કરી શકાશે, તેમ માલ-વીયાનગર પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

### ગુમશુદા માતા-પુત્રની ભાળ આપવા અનુરોધ

રાજકોટના ખોડીયાર નગર રામાપીર ચોક પુનિતનગરના ટાંકા પાસેના રહેવાસી ૨૨ વર્ષીય શીતલબેન હિતેશભાઈ પાટડીયા તથા તેના અઢી વર્ષીય બાળક તા. ૨૮/૦૪/૨૦૨૫ના ૧૦૩૦ વાગ્યાની આસપાસ ઘરેથી કાંઈપણ કહ્યા વગર જતા રહેલ છે. ગુમ થનાર શીતલબેન મધ્યમ બાંધાના, ઘઉંવર્ણા છે. તેમણે ડાર્ક બ્લુ કલરની કુર્તી તથા કબૂતરી લેગીન્સ પહેરેલ છે અને જમણા હાથે ત્રાજવાં ત્રોફાવેલ તથા દાઢીના ભાગે ટાંકા લીધેલના નિશાન છે. ગુમશદાની ભાળ મળી આવે તો માલવીયાનગર પોલીસ સ્ટેશનના ફોન નં. ૬૩૫૯૬૨૯૯૦૨ ઉપર જાણ કરવા યાદી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

### રાજકોટમાં સૈન્ય, સશસ્ત્ર દળોના ગણવેશના વેચાણ પર પ્રતિબંધ

રાજકોટ શહેર તથા જિલ્લામાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનુ વેચાણ તથા તેના ઉપયોગ થકી થઇ શકતી દેશદ્રોહી કે ગેરકાયદે પ્રવૃત્તિ પર નિયંત્રણ કરવાના આશયથી રાજકોટ શહેર પોલિસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝાએ, રાજકોટ શહેર પોલીસ કમિશનરના વિસ્તારમાં સૈન્ય, સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સમાનતા ધરાવતા વસ્ત્રોના વેચાણ તથા તેના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામું તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે, તથા તેનું ઉલ્લંઘન કરનાર દંડને પાત્ર થશે.

### અમદાવાદ-ભુજ વચ્ચે ટપાલ થેલાના પરિવહન માટે ઓનલાઇન ટેન્ડર મગાવાયા

ભુજ-અમદાવાદ અને અમદાવાદ-ભુજ વચ્ચે ટપાલ થેલાના વહન માટે એક વર્ષની મુદ્દત માટે બંધ બોડીના ૨૫૦૦ કિલો (૨.૫ ટન)ની ક્ષમતાના ચાર પૈડાવાળા બે વાહનો ભાડે લેવા સુપ્રિન્ટેન્ડન્ટ, રેલ ડાક સેવા, આર.જે. વિભાગ, રાજકોટ તરફથી ઓનલાઈન ટેન્ડર મગાવવામાં આવ્યા છે. જે .. પર ભરી શકાશે. ઈ -ટેન્ડરની રકમ રૂ. ૩૬ લાખ અંદાજિત છે. જ્યારે બાના બેટે રૂ. ૭૨ હજાર જમા કરાવવાના રહેશે. આ ઈ ટેન્ડરની ઓનલાઈન બીડ ૨૨મી મેના રોજ બપોરે ૧૧ વાગ્યે પૂરી થશે. એ પછી ટેન્ડર ઉક્ત કચેરી ખાતે ખુલશે.

### રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ શહેર પોલિસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલી સરકારી કચેરીઓ જેવી કે પોલીસ કમિશ્નરની કચેરી, જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી ભવનની કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકની કચેરી, પોલીસ અધિક્ષક રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડિત દિનદયાળ સિવિલ હોસ્પિટલ, રાજકોટ શહેર મહાનગરપાલિકા હેઠળની કચેરીઓ, ઝોન ઓફિસો, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ, શહેર અને તાલુકા મામલતદારશ્રીની કચેરીઓ કે જ્યાં રોજ મોટા પ્રમાણમાં જાહેરજનતા પોતાના કામ માટે આવતી હોય છે, ત્યાં જનતાને ગેરમાર્ગે દોરી જનારી પ્રવૃત્તિઓ કરતા બિનઅધિકૃત ઈસમ કે ઇસમોની ટોળીના પ્રવેશ પર પ્રતિબંધો જારી કર્યા છે, જે તા. ૩૦/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# જાતિગત વસ્તી ગણતરીમાં પોસ્ટરો સાથે જિલ્લાપંચાયત ચોકમાં કોંગ્રેસે ઉત્સવ ઉજવ્યો





તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની યાદી મુજબ સરકાર અને વડાપ્રધાને જાતિગત વસ્તી ગણતરી અંગે નો છેદ ઉડાડી દેતા કોંગ્રેસ દ્વારા રાહુલ ગાંધીની આગેવાની હેઠળ જાતિગત વસ્તી ગણતરી કરવી જ પડશે. તત્કાલીન સમયે શાસક પક્ષના સભ્યો અને તેના સાથી પક્ષોએ રાહુલ ગાંધીનું અપમાન કર્યું હતું પરંતુ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે મારું ગમે તેટલું અપમાન કરો પણ તમારે જાતિગત વસ્તી ગણતરી કરવી જ પડશે એવું છાતી ઠોકીને કહી દીધું હતું અને અંતે સરકારે પીછેહઠ કરવી પડી અને નિર્ણય કરવાની ફરજ પડી કે આગામી દિવસોમાં જાતિગત વસ્તી ગણતરી કરવાની ફરજ પડશે. કોંગ્રેસની ઉગ્ર રજૂઆતના પગલે તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેબિનેટ મંત્રીની બેઠકમાં જાતિગત વસ્તી ગણતરી કરવાનો નિર્ણય લેવાઈ ગયો છે. કોંગ્રેસની સફળ રજૂઆતના સફળ પડઘા પડતા આજરોજ જિલ્લા પંચાયત ચોક ખાતે 'રાહુલે કીધું એમ મોદીએ માનવું પડ્યું' અને 'ઝુકતા હૈ, ઝુકાને વાલા ચાહિયે' રાહુલ ગાંધીના પોસ્ટરો સાથે ઉત્સવ ઉજવ્યો હતો. અને જિલ્લા પંચાયત ચોક ખાતે મોં મીઠા કરી ઉત્સવ ઉજવ્યો હતો.

જિલ્લા પંચાયત ચોકમાં 'રાહુલ ગાંધી તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ' 'રાહુલ ગાંધી જિંદાબાદ' સહિતના સૂત્રો પોકારી જિલ્લા પંચાયત ચોક ગજવી મૂકવામાં આવ્યો હતો. વાહન ચાલકો અને રાહદારીઓ કોંગ્રેસનો કાર્યક્રમ જોવા ઉભા રહી ગયા હતા.


જિલ્લા પંચાયત ચોક ખાતે ના કાર્યક્રમમાં ઉપસ્થિત રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, સંજયભાઈ અજુડીયા, નાગજીભાઈ વિરાણી, પ્રભાતભાઈ ડાંગર, જશવંતસિંહ ભટ્ટી, દિલીપભાઈ આસવાણી, યુનૂશભાઈ જુણેજા, ગજેન્દ્રસિંહ ઝાલા, ગોવિંદભાઈ સભાયા, અહેસાન ભાઈ ચૌહાણ, અશોકભાઈ વાળા, તુષારભાઈ નંદાણી, જગાભાઈ મોરી, લાખાભાઈ ઊંઘાડ, જીગ્નેશભાઈ બોરડ, ચિંતનભાઈ દવે, મનીષાબા વાળા, ભાવનાબેન જલ્પેશભાઈ વાઘેલા, બિંદિયાબેન તન્ના, શાંતાબેન મકવાણા, વિજયસિંહ જાડેજા, જગદીશભાઈ ડોડીયા, જીતુભાઇ ઠાકર, અમિતભાઈ ઠાકર, અજીતભાઈ વાંક, ડી પી મકવાણા, સુરેશભાઈ બથવાર, નંદાભાઈ ડાંગર, નિલેશભાઈ મારુ, જલ્પેશભાઈ કલોલા, દીપકભાઈ પરમાર, રાજુભાઈ આમરાણીયા, સુરેશભાઈ ગેરૈયા કોંગ્રેસના આગેવાનો કાર્યક્રમ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ૪મેએ યોજાનાર નીટ પરીક્ષા માટે સમગ્ર દિવસ કંટ્રોલરૂમ રહેશે કાર્યરત

નેશનલ એકઝામિનેશન એજન્સી દ્વારા આગામી તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ બપોરે ૦૨૦૦ થી સાંજના ૦૫૦૦ વાગ્યા દરમિયાન રાજકોટ શહેરના કુલ-૧૩ કેન્દ્રો ખાતે નીટ(યુજી)-૨૦૨૫ પરીક્ષા યોજાશે. આ પરીક્ષા અન્વયે સમગ્ર દિવસ દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, રાજકોટ ખાતે નં.૦૨૮૧-૨૨૨૩૪૫૩ ઉપર કંટ્રોલરૂમ સતત કાર્યરત રહેશે.

પરીક્ષાર્થીઓ માટે પેપર શરૂ થવાના ૩૦ મિનીટ પહેલાં પરીક્ષા કેન્દ્ર પર પ્રવેશ બંધ કરવામાં આવશે. ઉમેદવારોએ પોતાની સાથે એડમીટ કાર્ડ અને ફોટો આઇડેન્ટીટી કાર્ડ સાથે રાખવાનું રહેશે. ઉમેદવાર એડમીટ કાર્ડમાં છપાયેલ સુચના અનુસારની પ્રતિબંધિત વસ્તુઓ સાથે પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરી શકશે નહીં.

### લાલપુર તાલુકાના જોગવડ ગામે તંત્ર દ્વારા ૭૧૫ ચો.મી. જગ્યા પરનું અનધિકૃત દબાણ દૂર કરી રૂ.૧ કરોડથી વધુ કિંમતની જમીન ખુલી કરાવાઈ



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જીલ્લા કલેકટર કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણો શોધી કાઢી દુર કરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે લાલપુર તાલુકાના જોગવડ ગામે સરકારી ખરાબાના રે.સ.નં.૨૨૩ તથા ૨૩૧માં કુલ ક્ષેત્રફળ ૭૧૫ ચો.મી.જમીનમા વિવિધ આસામીઓ દ્વારા અનધિકૃત દબાણ કરવામાં આવ્યું હતું.જે તંત્ર દ્વારા દુર કરી પુન.સરકારી કબજો મેળવવામાં આવ્યો છે. આ જમીનની અંદાજીત રકમ રૂ.૧કરોડ ૧૪લાખ ૪૦હજાર જેટલી થાય છે.આ કામગીરીમાં લાલપુર પ્રાંત અધિકારી સંજયસિંહ અસવાર, મામલતદાર, પોલીસ વિભાગ તથા લગત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હીટવેવ સામે લડવા સજ્જ રહીએ, ગરમીમાં 'લૂ' લાગવાથી બચીએ

જાણો.. હીટ સ્ટ્રોકને સંલગ્ન વિસ્તૃત જાણકારી, ગરમી દઝાડે તે પહેલા ચેતી જાવ

**મુખ્ય સમાચાર,રાજકોટ**
**સંકલનઃ માર્ગી મહેતા**

રાજ્યભરમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા હાલ 'હીટવેવ એલર્ટ' જાહેર કરાયું છે. એપ્રિલ મહિનામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો છે. સતત વધી રહેલી ગરમી વચ્ચે સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. ઉનાળામાં બપોરે ખૂબ ગરમ પવન ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે હીટ સ્ટ્રોકનું જોખમ વધી રહ્યું છે. ટૂંકાગાળામાં તાપમાનમાં થતો વધારો સહન ન થતા હીટ સ્ટ્રોક લાગી જાય છે. જેના કારણે લોકો ગંભીર રીતે બીમાર થઈ શકે છે. જો તેની સમયસર સારવાર ન કરવામાં આવે તો મગજ, હૃદય, કિડની અને સ્નાયુઓને નુકસાન પહોંચે છે. લોકો ક્યારેક ગરમીના મોજાને અવગણે છે પરંતુ તે સ્વાસ્થ્ય માટે હાનિકારક બની શકે છે. આથી, ગુજરાત સરકાર દ્વારા જનહિતાર્થે હીટવેવને સંલગ્ન જાણકારી પ્રસિદ્ધ કરાઈ છે.

**હીટ સ્ટ્રોક શું છે?:** ભારે ગરમી તથા ગરમ હવા ઉત્પન્ન થાય ત્યારે તાપમાન અત્યંત ઊંચા સ્તર સુધી પહોંચે છે અથવા ગરમી અને ભેજ સાથે મળે ત્યારે હીટ સ્ટ્રોકની પરિસ્થિતિ સર્જાય છે.




**લૂ કોના માટે વધુ જોખમકારક?:** વૃદ્ધો, બાળકો, ગર્ભવતી મહિલાઓ, મજૂરીકામ સાથે સંકળાયેલા લોકો, બીમાર વ્યક્તિઓને 'લૂ' લાગવાની શક્યતા વધુ છે.

**હીટ સ્ટ્રોકના લક્ષણોઃ** માથામાં દુખાવો થવો, પરસેવો ન થવો, ચામડી લાલ, સૂકી અને ગરમ થવી, ઉલ્ટી થવી, ઉબકા આવવા, અશક્તિ અનુભવવી, આંખો લાલ થવી, શરીરનું તાપમાન વધી જવું, ખૂબ તરસ લાગવી, શરીરમાંથી પાણી ઓછું થઈ જવું, વધુ તાવ આવવો, નાડીના ધબકારા વધવા, ચક્કર અને આંખે અંધારા આવવા, બેભાન થઈ જવું, અતિગંભીર કિસ્સામાં ખેંચ આવવી.

ઉપર મુજબના લક્ષણો જણાય તો તાત્કાલિક આરોગ્યકર્મી અથવા નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ.

**ગરમીથી બચવાના ઉપાયોઃ** પાણી વધુ પીવું, કેફી જેવા પ્રવાહી ન પીવા, ન્હાવાનું પ્રમાણ વધારો, સફેદ, હલકાં રંગના કપડા પહેરો, બંધ કારમાં ન બેસો, વધુ પડતું બહાર રહેવાનું ટાળો.

**લૂ લાગેલી વ્યક્તિની પ્રાથમિક સારવારઃ** ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો, શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે, તે માટે ઓ.આર.એસ. દ્રાવણ અથવા લીંબુ પાણી આપો, લૂ લાગેલી વ્યક્તિને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઈ જાઓ, જો શરીરનું તાપમાન સતત વધતું હોય, માથાનો અસહ્ય દુઃખાવો હોય, નબળાઈ હોય, ઉલ્ટી થતી હોય કે બેભાન થઈ જાય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવવી જોઈએ.

**હીટ સ્ટ્રોકની ઈમરજન્સી સારવારઃ** ઈમરજન્સી સમયે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા હેલ્પલાઈન પર કોલ કરો અને જ્યાં સુધી મેડિકલ સેવા આવે ત્યાં સુધી નીચે મુજબ સૂચનાઓને અનુસરો.

વ્યક્તિનાં પગ જમીનથી થોડા ઊંચા રહે તેમ સુવડાવો, પંખાની સીધી હવા તેના શરીર ઉપર આવે તે રીતે મૂકો, દર્દીનાં બગલમાં, કમર પર તથા ગળાની નીચે ભીના કપડાં / ટુવાલ / બરફ મૂકો, વ્યક્તિને થોડું ઠંડુ સાદુ પાણી પીવડાવો.

**હીટવેવથી બચવા શું કરવું અને શું ન કરવું?**

**આટલું કરોઃ** તરસ ન લાગી હોય તો પણ યોગ્ય માત્રામાં પાણી પીવું, શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ. દ્રાવણ અથવા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ અને નારિયેળ પાણી જેવા પ્રવાહીનો ઉપયોગ કરો અને સાત્વિક પીણા પીવા, ઘરની બહાર જતી વખતે માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો અને આખું શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા, ચશ્મા પહેરવા, વજન અને રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરો, આંખોના રક્ષણ માટે સનગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્કીન લગાવો, પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો, ઘરની છત પર સફેદ રંગ તાપમાન ઘટાડશે, ભૂખ્યા ન રહેવું, સંતુલિત અને સાદો આહાર લેવો.

**આટલું ન કરોઃ** શક્ય હોય ત્યાં સુધી બપોરના ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી તડકામાં બહાર ન નીકળવું, બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું અને તડકો વધે તે પહેલા જરૂરી કામો પૂરા કરવા, શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણાં જેવા કે ચા, કોફી, સોફ્ટ ડ્રિંક્સ ન લેવા, મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠાવાળા અને બિનઆરોગ્યપ્રદ આહારનો ઉપયોગ ટાળવો, બજારમાં મળતો ખૂલ્લો, વાસી ખોરાક ખાવો નહીં.

# રહેણાંક મકાનમાં ૨૪ તોલા સોનાના દાગીનાની ચોરી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના ખોડિયાર કોલોની રોડ પર આવેલી જૂની આરામ કોલોની પાસે રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિની બોર્ડિંગ પાછળના એક મકાનમાં ભાડેથી રહેતા મૂળ તામિલનાડુ રાજ્યના ત્રીચી જિલ્લાના વતની મરીય મેલવીન નામના પરપ્રાંતીય આસામી ગઈકાલે સવારે સાડા નવેક વાગ્યે રહેણાંકને તાળુ મારીને બહાર ગયા હતા.તે પછી બપોરે ત્રણેક વાગ્યે જ્યારે તેઓ પરત આવ્યા તે દરમિયાન તેમના મકાનમાં ચોરી થઈ ગઈ હતી.

ધોળા દહાડે ત્રાટકેલા કોઈ તસ્કરે તે રહેણાંકના પાછળના દરવાજા નીચે મારવામાં આવેલુ લાકડુ તોડી નાખી ઘરમાં પ્રવેશ મેળવ્યા પછી શયનખંડ તથા અન્ય ઓરડામાં ખાંખાખોળા કર્યા પછી એક હેન્ડબેગ શોધી કાઢી હતી.તે હેન્ડબેગમાં મરીય મેલવીન દ્વારા રાખવામાં આવેલા સોનાના જુદા જુદા દાગીના મળી ૨૪ તોલા અને ૪ ગ્રામ વજનના દાગીના અને પેંડલ તેમજ ડાયમંડની બુટી ચોરી કરી લીધી હતી. કુલ રૂ.૬ લાખ ૧ હજારની કિંમતના દાગીનાની ચોરી કરી લીધી હતી. તેની જાણ થતાં સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવામાં આવ્યો હતો. દોડી ગયેલા પીએસઆઈ એન.એમ. ઝાલાએ મરીય મેલવીનની ફરિયાદ પરથી બીએનએસની કલમ ૩૩૧ (૩), ૩૦૫ (એ) હેઠળ ગુન્હો નોંધ્યો છે. ડીવાયએસપી જે.એન. ઝાલાની સૂચનાથી તપાસમાં એલસીબીનો કાફલો પણ જોડાયો છે.આ વિસ્તારમાં ધોળા દિવસે ચોરી થતાં પોલીસ હરકતમાં આવી છે. જાણવા મળ્યા મુજબ તે મકાનમાં ભાડે રહેતા મરીય મેલવીન અને તેમના પત્ની ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને ગઈકાલે બંને વ્યક્તિ ઘેર ન હતા ત્યારે સવારના સાડા નવ વાગ્યાથી બપોરના પોણા ત્રણ વાગ્યા દરમિયાન તસ્કર હાથફેરો કરી ગયો છે.

# મોરબીના ખાખરાળામાં આશાસ્પદ યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

ફાયરીંગ કરી હત્યાનો પ્રયાસ નિષ્ફળ થતાં છરીના ઘા મારી હત્યાને આપ્યો અંજામ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જિલ્લામાં ખાખરાળા ગામના રબા-રીવાસમાં ૨૧ વર્ષના યુવાનની થયેલી હત્યા કેસમાં વધુ ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા છે. કિશન જગદીશભાઈ કરોતરા નામના યુવાનને પોતાના જ ગામના સાગર ઉર્ફે મુળુ આયદાનભાઈ ડાંગરે કોઈ રાગદ્વેષના કારણે છરીના ઘા મારી હત્યા નિપજાવી હતી. ફરિયાદી જગદીશભાઈ કરોતરાએ પોલીસમાં



નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓના પુત્ર કિશનની હત્યા કરવા માટે પહેલા સાગર ઉર્ફે મુળુએ કિશન સામે બંદુક તાકી ફાયર કરવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ બંદુકમાંથી ફાયરિંગ ન થતા તેણે તુરંત પોતાની પાસે રહેલી છરી કાઢી હતી.ત્યારબાદ આરોપી મુળુએ કિશનના છાતી, વાસા, જમણા ખભા, કાંડા અને જમણા હાથના પોંચા પર છરીના ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ ઘાતક હુમલાના કારણે કિશનનું ટૂંકી સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. મૃતક કિશન હાલ રાજકોટ શહેરમાં બીએડનો અભ્યાસ કરી રહ્યો હતો તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પણ કરી રહ્યો હતો. વેકેશન હોવાથી માત્ર બે દિવસ પહેલાં જ પોતાના વતન ખાખરાળા આવ્યો હતો. આ હત્યાના બનાવમાં તાલુકા પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા કલમ ૧૦૩, આર્મ્સ એક્ટ અને જીપી એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# થોરાળાના પૂર્વ પીઆઇ પર હુમલો કરનાર નામચીન શખ્સ સહિત ત્રણ શખ્સો પાસામાં ધકેલાયા



મારામારી સહિતના ગુનામાં સંડોવાયેલ ગુનેગારો સામે પોલીસ કમિશનરે પાસાનું શસ્ત્ર ઉગામ્યુ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં પી.આઈ ઉપર હુમલો કરનાર અને મારામારીમાં સંડોવાયેલ નામચીનુ શખ્સને પાસા હેઠળ સુરત અને મહેસાણા જેલ હવાલે કરવામાં આવ્યા છે.

શહેર વિસ્તારમાં મારામારી તેમજ શરીર સંબંધી બનાવના ગુન્હાઓ બનતા અટકે તેમજ લોકોની જાનમાલનુ રક્ષણ થાય તેવા આશય ઈ.ગુજકોપ મારફતે ગુનાહિત ઈતિહાસ ચકાસણી કરી નામચીન ગુનેગારો સામે પાસા દરખાસ્ત તૈયાર કરી શખ્સોને હવાલે કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારે શિવશક્તિ કોલોની બ્લોકનં ૧૧૧ સામે ઉમીયાજીકુપા મકાનમાં રહેતા ઉમંગ ઉર્ફે લાલો ગોવિંદભાઈ ભુત (ઉ.વ.૩૨) સામે મારામારીના પાંચ ગુરૂ નોંધાયા હોય તેની સામે પાસાની દરખાસ્ત કરતા તેની સામે પોલીસ કમિશ્નર દ્વારા પાસા વોરંટ ઈસ્યુ કરતા યુનિવર્સીટી પોલીસ મથકને સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ ઉમંગની પાસાતળે અટકાયત કરી તેને સુરત લાજપોર જેલ ખાતે મોકલી આપેલ હતો. જયારે પીઆઈ પર હુમલો કરનાર શખ્સ પાસાના પીંજરે પુરાયો હતો. પીઆઈ પર હુમલા ઉપરાંત મારામારી, દાળ છેડતી સહિત ૨૦ જેટલા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા નામચીન નવા થોરાળા મેઈન રોડ ગોકુલપરામાં રહેતા શામજી ઉર્ફે શામો મકાભાઈ મકવાણા (ઉ.વ. ૫૯) ની થોરાળા પોલીસે પાસા તળે અટકાયત કરી મહેસાણા જેલમાં ધકેલવા તજવીજ હાથ ધરી છે.

હત્યાની કોશિશ સહિત ના ગુનામાં અનેકવાર પોલીસ ચોપડે ચડી ચૂકેલા રામાપીર ચોકડી પાસે આંબેડકર નગરમાં રહેતો નામચીન શખ્સ હિરેન ગોવિંદ પરમાર સામે પોલીસે પાસા નું શસ્ત્ર ઉગામ્યું છે માલવિયા પોલીસ સ્ટેશન ના પી.આઈ દેસાઈ સહિતના સ્ટાફે પાસા નું વોરંટ બજવણી કરી આ નામચીન શખ્સને પાસા માં ભાવનગર જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# કુબલીયાપરામાં પ્રેમપ્રકરણમાં માતા-પુત્ર સહિત ત્રણ ઉપર યુવતીના પરિવારનો હુમલો

હુમલામાં ઘવાયેલા ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયા; ત્રણ શખ્સો સામે ફરિયાદ





**મુખ્ય સમાચાર,રાજકોટ**

થોરાળા વિસ્તારમાં આવેલા કુબલીયાપરામાં રહેતા પરિવાર પર પ્રેમસંબંધ મામલે યુવતીના પિતા અને બન્ને ભાઈએ તલવાર અને છરી વડે હુમલો કરતા ત્રણને સારવાર માટે સિવિલમાં ખસેડાયા હતા. આ ઘટનામાં થોરાળા પોલીસે ત્રણેય શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ કુબલીયાપરા શેરી નંબર પાંચમાં રહેતા રાહુલ ભરતભાઈ સોલંકી (ઉ.વ.૨૬) એ તેમની શેરીમાં રહેતા કિશોર ધીરૂભાઈ સોલંકી (રહે.કુબલીયાપરા) વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. રાહુલે ફરીયાદમાં જણાવ્યું બે વર્ષ પહેલા મોટો ભાઈ દિલીપ શેરીમાં રહેતા કિશોરભાઈની દીકરીને ભગાડી ગયો હતો. તેના પિતાને સોંપી હતી તેમજ આવી રીતે બન્ને ચારેક વખત સાથે ભાગી જતા અને ત્રણ-ચાર દિવસમાં મળી આવતા હતા અને પાયલને તેના પિતાના ઘરે મુકી આવતા આ વખતે પાયલના પિતા અને ઘરના લોકો કહી ગયા કે પાયલ આવે તો હવે તમારી સાથે જ રાખજો. બાદમાં દિલીપ અને કિશોરભાઈની દીકરી પાયલ બન્ને પતિ- પત્નીની જેમ રહેવા લાગ્યા હતા.

તા.૨૬/૪ના બપોરે માતા જશુબેન અને રાહુલ ઘરમાં શેરીમાં ઉભા હતા ત્યારે પાયલના પિતા કિશોરભાઈ તલવાર લઈને અને તેમના બન્ને પુત્રો અનીલ અને રાજેશ છરી લઈને આવ્યા હતા અને કોઈપણ જાતની વાત કર્યા વગર તલવારનો ઘા ઝીંક્યો હતો અને જેથી રાહુલ નીચે પડી ગયો હતો તેમજ અનીલ અને રાજેશ છરી વડે રાહુલને આડેધડ ઘા ઝીંકી દીધા હતા. ત્યાં છોડાવવા વચ્ચે પડતા માતા જશુબેન ઉર્ફે શારદાબેન અનેમોટા બા વજીબેન સોલંકીને પણ તલવારનો ઘા ઝીંકી દેતા લોહીલુહાણ થયા હતા. આ મામલે ત્યાં લોકો ભેગા થઈ જતાં આરોપી ભાગી ગયા હતા અને ૧૦૮ મારફતે તેમને સિવિલમાં ખસેડાયા હતા. આ અંગે થોરાળા પોલીસમાં ગુનો નોંધાતા આરોપીઓને સકંજામાં લેવા તજવીજ શરૂ કરાઈ છે.

# સુરતમાં કાપોદ્રાના મહિલા PSI રબારી-રાઈટર જેઠવા ૬૩ હજારની લાંચ લેતાં પકડાયાં

**મુખ્ય સમાચાર,સુરત**

હીરાના બે વેપારી વચ્ચે નાણાકીય લેતી–દેતી મામલે વિખવાદ ચાલે છે. જેમાં લેણદાર પાર્ટીએ લાખોના હીરાના બાકી નીકળતા પેમેન્ટ મુદ્દે કાપોદ્રા પોલીસમાં અરજી કરી હતી. જેની તપાસ હીરાબાગ પોલીસચોકીના પીએસઆઈ એમ.એ.રબારી (મધુબેન અમીભાઇ રબારી) કરી રહ્યા હતા. પીએસઆઇ રબારી અને તેમનો રાઈટર નવનીત જેઠવા અરજદાર વેપારીનું ઉપરાણું લઈ રીતસર હીરા વેપારીને પ્રેશર કરતા હતા. ટોર્ચરિંગ કર્યા બાદ બંને પાર્ટી વચ્ચે સેટલમેન્ટ કરી આપવાના નામે પીએસઆઈ રબારીએ ૬૩ હજાર રૂપિયા લાંચ પેટે માંગ્યા હતા. લાંચ વસૂલવા પણ દબાણ કરાતું હોય વેપારીએ એન્ટિ–કરપ્શન બ્યૂરોની અમદાવાદ સ્થિત વડી કચેરી સુધી ફરિયાદ કરી હતી. જેથી બનાવને ગંભીરતાથી લઈ એસીબીના ડાયરેક્ટરે વડોદરા યુનિટને તપાસ સોંપી હતી. વડોદરા એસીબીના મદદનીશ નિયામક પી.એચ. ભેંસાણિયાના માર્ગદર્શન હેઠળ વડોદરા એસીબીના પીઆઈ એ.એન. પ્રજાપતિ અને આર.બી.પ્રજાપતિએ સુરત આવી ટ્રેપ ગોઠવી હતી.

# કુવાડવા ગામે લગ્નમાંથી પરત ફરતા બંધુને લૂંટારૂનો ભેટો થતાં પગ ભાંગી નાખી ચેનની લૂંટ ચલાવી

**બાઈકમાં આવેલી ત્રિપુટીએ કરેલા હુમલામાં ઘવાયેલા બંને ભાઈઓ સારવારમાં; તપાસનો ધમધમાટ**



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના બેડી ચોકડી નજીક મઢુલી હોટેલ નજીક ત્રીપલ સવારી બાઈકમાં આવેલા શખ્સોએ કુવાડવાથી માસીયાઈ ભાઈના લગ્નમાંથી મધરાતે પોપટપરા ઘરે પરત ફરતા બે સગા ભાઈ પર હુમલો કરી અને લૂંટ ચલાવી હતી. આ ઘટનામાં બન્ને ભાઈનાં પગ ભાંગી નાખતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યા છે. તેમજ બીડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધવા તજવીજ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ પોપટપરા ૫૩ કવાર્ટરમાં રહેતા અમીત કિશોરભાઈ સોલંકી (ઉ.વ.૨૮) અને તેનો નાનો ભાઈ સુનિલ (ઉ.વ.૨૬) બન્ને રાત્રીના બે અઢી વાગ્યાની આસપાસ બેડી ચોકડી પાસે આવેલી મઢુલી હોટેલ પાસે હતા ત્યાર ત્રીપલ સવારી બાઇકમાં આવેલા લખન, જાવલો અને અશ્વિને લોખંડના પાઈપ વડે માર મારતા અમીતને બન્ને પગે ફેકચર અને સુનિલને એક પગે ફેકચર થયું હતું. હાલ બન્નેને સારવાર માટે સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં બી ડીવીઝન પોલીસને જાણ કરવામાં આવતા બન્નેના નિવેદન નોંધી ફરીયાદ નોંધવા તજવીજ શરૂ કરી છે. આ ઘટનામાં અમીતે જણાવ્યું હતું કે તેમને સોની બજારમાં પાનની દુકાન છે. ત્રણ ભાઈમાન સુનિલ નાનો અને પોતે મોટો છે. કુવાડવા ગામમાં રહેતા માસીના દીકરા રોહીત પરબતભાઈ બાકુડીયાના લગ્ન હતા. રાત્રીના માંડવો હતો. અને રાસગરબા હતા ત્યાંથી રાત્રીના લગભગ બેથી અઢી વાગ્યે બુલેટ લઈ બન્ને ભાઈ પોપટપરા ઘરે જવા નીકળ્યા હતા ત્યારે બેડી ચોકડી નજીક મઢુલી હોટેલ પાસે બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ ધમકાવતા કહ્યું કે તમારી પાસે જે પૈસા હોય તે આપી દો અને ગભરાયેલા બન્ને ભાઈએ ના પાડતા ત્રણેય શખ્સોએ પાઈપ વડે હુમલો કરી બન્ને ભાઈના પગ ભાંગી નાખ્યા હતા અને ગળામાં પહેરેલ સાડા ત્રણ તોલાનો સોનાનો ચેઈન લુંટી આરોપીઓ ભાગી ગયા હતા. આ મામલે બન્નેને સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવતા બી ડીવીઝન પોલીસના પીઆઈ સુધિર રાણે અને ટીમે બન્નેના નિવેદન લેવડાવી ફરીયાદ નોંધવા તજવીજ શરૂ કરી છે. સુનિલે જણાવ્યું કે આરોપીઓ માર મારી રહ્યા હતા ત્યારે એકબીજાનું નામ બોલી રહ્યા હતા. આ ઘટનામાં બીડીવીઝન પોલીસની ટીમ દ્વારા આરોપીને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

# ધારીના મદ્રેસામાં મૌલાનાનું પાકિસ્તાન કનેકશન





મૂળ અમદાવાદીને SOGએ ઉઠાવ્યોઃ પાક-અફઘાનના ૭ વોટ્સએપ ગ્રુપની ચેટ મળી

**મુખ્ય સમાચાર, અમરેલી**

જમ્મુ કાશ્મીરમાં પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ગુજરાત પોલીસ એલર્ટ મોડ પર આવી ગઈ છે. ત્યારે અમરેલી SOGએ એક શંકાસ્પદ મૌલાનાને ઉઠાવીને પૂછપરછ શરૂ કરી છે. જેમાં તેના વોટ્સએપમાંથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના સાત જેટલા શંકાસ્પદ ગ્રુપ મળતાં પોલીસે એ દિશામાં તપાસ હાથ ધરી છે.


આ અંગે મળતી માહિતી મુજબ ધારીના હિમખીમડીપરાના મદ્રેસામાં ભણાવતા મૌલાના મોહમદફઝલ અબ્દુલઅઝિઝ શેખ પર SOGને શંકા જતાં તેના આધાર પુરાવા માગ્યા હતા. જોકે, મૌલાનાએ કોઇ આધાર પુરાવા રજૂ ન કરતાં SOGએ ધારી પોલીસ મથકે લાવીને તેની પૂછપરછ કરતાં તે મૂળ અમદાવાદના જુહાપુરાનો રહેવાસી હોવાનો ખુલાસો થયો છે.

આ અંગે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું છે કે, મૌલાનાની શંકાસ્પદ પ્રવૃતિઓ લાગતા તેની અટકાયત કરીને પૂછપરછ કરતા તેનું પાકિસ્તાની કનેક્શન હોવાનું લાગી રહ્યું છે. જોકે, હજી તેની પૂછપરછ ચાલુ છે. આ મૌલાના પાકિસ્તાની કનેક્શન ધરાવે છે કે કેમ તે તેની તપાસ બાદ સામે આવશે.

પોલીસે મૌલાના મોહમદફઝલ અબ્દુલઅઝિઝ શેખ સામે જાણવાજોગ દાખલ કરીને તેનો મોબાઈલ કબ્જે લઇને મોબાઇલની ઊંડાણ પૂર્વક તપાસ કરતાં મોબાઈલમાંથી સાત પાકિસ્તાન અને આફઘાનિસ્તાનના ગ્રુપ મળી આવ્યા છે. જેની પોલીસ હાલ તપાસ કરી રહી છે. આ કેસની તપાસ SOGના PI આર.ડી.ચૌધરી ચલાવી રહ્યા છે.

# રોયલ પાર્કમાં બિલ્ડરના ઘરમાં લૂંટ ચલાવનાર બંટી-બબલીને ૭ વર્ષની જેલ

ચોકીદારી કરતાં નેપાળી દંપતીએ રોકડ અને દાગીનાની લૂંટ ચલાવી’તી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રોયલ પાર્કમાં રહેતા બિલ્ડર ના ઘરે ચોકીદારી કરતા દંપતીએ બિલ્ડરના પુત્ર અને પિતાને બંધક બનાવી રોકડ અને દાગીનાની લાખો રૂપિયાની લૂંટ ચલાવવાના કેસમાં અદાલતે આરોપી દંપતીને ૭-૭ વર્ષની સજા અને રૂ.૧૦-૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે

આ અંગેની માહિતી મુજબ રોયલ પાર્ક શેરી નં. ૪ માં ‘‘માતોશ્રી’ મકાનમાં રહેતા બિલ્ડર પ્રભાતભાઈ સિંધવ અમદાવાદ ગયા હતા. ત્યારે તેમનો પુત્ર જશ સિંધવ અને તેના પિતા ઘરે હતા. તે દરમિયાન તેમના મકાનમાં દોઢ માસથી રહેતા અને ચીકીદારી કરતા અનીલ નેપાળી અને તેની પત્ની લક્ષ્મીબેન નેપાળીએ તા.૫/૧૦/૨૨ ના રોજ મોડી રાત્રે લુંટ કરવાના ઈરાદે ઘરમાં મેઈન દરવાજાનો લોક તોડી અપપ્રવેશ કરી જશ સિંધવ છરી બતાવી ઘરમાં રહેલ સોનું તથા રોકડ રકમ બાબતે પુછપરછ કરતા તેણે મને ખબર નહિ હોવાનું જણાવતા આરોપી દંપતીએ ઔશીકાના કવર અને ચુંદડી વડે તેના હાથપગ બાંધી ફરીયાદીના પિતાના રૂમમાં પ્રવેશ કરી કબાટ તથા બંને તીજોરીઓમાંથી રોકડ રકમ રૂા.૧૦ લાખ, પાંચ સોનાના પેન્ડલ સેટ, ૫૦ નંગ સોનાની વીંટી, સોનાની લક્કી. સોનાનો સેટ, પાંચ સોનાના ભેસલેટ, ૩ સોનાના સીકકા, ૮ થી ૧૦ ચાંદીના સીકકા અને ૧૦ અલગ અલગ બ્રાન્ડની ઘડીયાળોની લુંટ કરી નાસી છૂટયા હતા. આ અંગે જશ સિંધવે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. અરવલ્લી પોલીસે આરોપી દંપતીને ઝડપી લેતા યુનીવર્સીટી પોલીસે બંને આરોપીનો કબ્જો મેળવી મુદામાલ જમ કર્યો હતો. જે કેસમાં આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ હતું. ત્યારબાદ કેસ ચાલવા પર આવતા બંને પક્ષની રજૂઆત બાદ મૂળ ફરિયાદી અને સરકાર પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ કોર્ટે આરોપી અનિલકુમાર ઉર્ફે રામરનસિંહ કચેરા અને તેની પત્ની લક્ષ્મી ઉર્ફે ધનશ્રી અનિલકુમાર ઉર્ફે રામરનસિંહ કસેરા તકસીરવાન ઠેરવી સાત સાત વર્ષની સખ્ત કેદની સજા અને રૂા.૧૦-૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસમાં સરકારપક્ષે એ.પી.પી. પુજાબેન જોષી તથા મુળ ફરીયાદી વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, મીલન જોષી, ખોડુભા સાકરીયા, જયવિર ભારૈયા, રવિરાજસિંહ જાડેજા, દિપ વ્યાસ, જયપાલસિંહ સોલંકી અને સાગરસિંહ પરમાર રોકાયા હતા.

# પરસાણાનગરમાં વાહન જોઈને ચલાવવાનું કહેતા કોલેજીયન યુવાન પર ચાલકનો હુમલો

દુધની ડિલીવરી કરવા જતા યુવકને લુખ્ખાનો ભેટો થઈ ગયો; ઈજાગ્રસ્ત છાત્ર સારવારમાં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોપટપરા વિસ્તારમા રહેતો બીસીએનો છાત્ર સ્કુટર લઈ દુધની ડીલેવરી કરવા જતો હતો ત્યારે પરસાણાનગર ફાટક પાસે સ્કુટર ચાલકે કાવો મારતા તેને ગાડી જોઈને ચલાવવાનુ કહેતા તે શખ્સે ઝઘડો કરી છાત્ર ઉપર બ્લોક અને લાકડા વડે હુમલો કરી માર મારતા ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે સિવીલ હોસ્પિટલમા ખસેડવામા આવ્યો છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ પોપટપરા શેરી નં ૮ મા રહેતો વિવેક સુરેશભાઈ સિંધવ (ઉ.વ. ૧૯) નામનો યુવાન સવારે એકટીવા લઈ હંસરાજનગરમા દુધની ડીલેવરી માટે જતો હતો ત્યારે પરસાણાનગર ફાટક પાસે સામેથી આવતા એકટીવાનાં ચાલક રૂદ્રરાજ ગઢવીએ કાવો મારતા વિવેકે તેને ગાડી જોઈને ચલાવવાનું કહેતા રૂદ્રરાજે ઉશ્કેરાઈ જઈ ઝઘડો કરી રોડ પર ફીટ કરવાનાં બ્લોક અને લાકડા વડે હુમલો કરી માર મારતા તેને ઈજાગ્રસ્ત હાલત–મા સારવાર માટે સિવીલ હોસ્પિટલમા ખસેડવામા આવ્યો છે. પ્રાથમીક તપાસમા વિવેક બીસીએનાં ત્રીજા વર્ષમા અભ્યાસ કરે છે. તેના પિતાને રેલનગરમા દુધની ડેરી હોય જેથી તે દુકાનમા મદદ કરવા સવારે દુધની ડીલેવરી આપવા માટે જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. આ અંગે પ્રનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રેલનગરમાં માવતરે આવેલી પરિણીતાના ચારિત્ર્ય પર શંકા કરી પતિએ કર્યો છરીથી હુમલો

અમરેલીના કણકોટમાં પત્ની સાથે સબંધ ધરાવતા યુવકના પગ ભાંગી નાખ્યા’તા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલનગર વિસ્તારમાં માવતરના ઘરે આંટો મારવા આવેલી પત્નીનો અમરેલીના કણકોટ ગામે રહેતા પતિએ પીછો કરી પત્નીના ચારિત્ર્ય પર શંકા કરી છરી અને પાઇપ વડે હુમલો કરી માર માર્યો હતો. તારા ઘોબા ઉપાડી નાખીશ જેવી ધમકી આપી પતિ નાસી છૂટ્યો હતો. પત્ની સાથે આડા સબંધ ધરાવતા કણકોટના યુવકના પણ બે માસ પૂર્વે પગ ભાંગી નાખ્યા હોવાનું જાણવા મળ્યું છે.



આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ અમરેલીના કણકોટ ગામે રહેતી નિરાલીબેન ધર્મેશભાઈ સરવૈયા નામની ૨૪ વર્ષની પરિણીતા રાજકોટમાં રેલનગર વિસ્તારમાં આવેલ ભગીની ટાઉનશીપમાં રહેતી માતા રેખાબેન ડાયાભાઈ સીતાપરાના ઘરે હતી ત્યારે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં તેણીના પતિ ધર્મેશ સરવૈયાએ ઝઘડો કરી છરી અને પાઈપ વડે હુમલો કરી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલી પરિણીતાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. પ્રાથમિક પૂછ પરછમાં નિરાલીબેન સરવૈયાના ચાર વર્ષ પહેલા લગ્ન થયા છે અને તેણીને સંતાનમાં એક પુત્રી છે. નિરાલીબેન સરવૈયા ૨૦ દિવસ પહેલા જ માતાના ઘરે આટો મારવા આવી છે. નિરાલીબેન સરવૈયાને તેના જ ગામના ચિરાગ નિમાવત નામના યુવાન સાથે આડા સંબંધ હોવાની શંકાએ ગઈકાલે ધર્મેશ સરવૈયા રાજકોટ પહોંચ્યો હતો અને નિરાલીબેન દૂધ લેવા જતી હતી ત્યારે સંતાઈને બેઠેલા પતિ ધર્મેશ સરવૈયાએ તારા ઘોબા ઉપાડી નાખીશ તેવી ધમકી આપી છરી અને પાઈપ વડે હુમલો કર્યો હતો અને બે માસ પૂર્વે જ નિરાલીબેન સરવૈયા સાથે આડા સંબંધ હોવાની શંકાએ કણકોટ ગામના યુવકના પણ બંને પગ ભાંગી નાખ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પ્ર.નગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# નવાગામના યુવક સાથે લંડન યુનિ.માં એડમિશનના બહાને ૪.૮૦ લાખની છેતરપીંડી

સુરતના એજન્ટે અડધા રૂપિયામાં ફી ભરી આપવાનું કહ્યા બાદ ફી નહીં ભરતા એડમિશન રદ થઈ ગયું ’તું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ચોટીલાના રાજપરા ગામના વતની અને હાલ નવાગામ આણંદપરમાં રહેતા અને નવાગામમાં આવેલા બાબુ લાઈમ નામના ચુનાના ારખાનામાં ઓપરેટર તરીકે નોકરી કરતા સંજય ઠાકરશીભાઈ સાપરા (ઉવ.૨૬) નામના યુવાને કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સુરતના એજન્ટ હાર્દિક દામજીભાઈ બદરૂકીયાનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૧માંતિ સ્કુલમાં અભ્યાસ કરતો હતો ત્યારે તેને તથા તેના મિત્રોએ લંડનમાં યુનિવર્સિટી ઓફ વેસ્ટ લંડનમાં એમએસસી પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં એડમિશન મેળવવાનું નક્કી કર્યું હતું. તે વખતે ચારેય મિત્રોએ યશપાલ ચૌહાણ નામના એજન્ટ મારફત રૂ ૧ લાખની ભરી એડમિશન લીધું જોકે તેના મિત્રો પાસે ફીની વ્યવસ્થા થઈ જતા તેઓએ એડમિશન લઈ લીધું હતું અને તેની પાસે રૂ. ૧૦ લાખની ફીની વ્યવસ્થા કરતો હતો. દરમિયાન લંડન ગયેલા તેના મિત્ર સાથે વાત કરતા સુરતના એજન્ટ હાર્દિક બદરૂકીયા અડધી ફીમાં ઓનલાઈન એડમિશન કરાવી આપતો હોવાનું જણાવતા ફરિયાદીએ હાર્દિકનો સંપર્ક કરતા તેણે રૂ.૪.૮૦ લાખમાં ૩૯. લાખની ફી ભરી આપવાની લાલચ આપતા યુવાને કટકે-કટકે આરોપીને રૂ.૪.૮૦ લાખ ચૂકવ્યા હતા. બાદમાં આરોપીએ તેનું એડમિશન થઈ ગયાનું જણાવતા ફરિયાદીએ અન્ય એજન્ટ મારફત તપાસ કરાવતા અઠવાડિયા બાદ તેનો ફોન આવેલો અને ફ્રોડથી ફી ભરી હોવાનું જણાવી એડમિશન રદ કરી નાખ્યાનું જણાવ્યું હતું. જેથી યુવાને આરોપીને ફોન કરી તેની ફીના નાણા પસ્ત કરવા જણાવતા તેણે અવાર-નવાર ખોટા વાયદા કરતો હોય અને બાદમાં ફોન ઉપાડવાનો બંધ કરી દેતા તેની સાથે છેતરપીંડી થયાનું જણાતા તેણે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એમ.જે.વરૂએ વધુ તપાસ હાથ ધરી છે.

# ૧૪ વર્ષીય સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપીને જન્મટીપ

બે સંતાનના પિતાએ પુત્રીની ઉંમરની બાળાને હવસનો શિકાર બનાવ્યાના કેસમાં ધરપકડ થઇ હતી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રહેતા પરિવારની ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરી બે સંતાનોના પિતાએ દુષ્કર્મ આચાર્ય હતું. જે કેસ ચાલી જતા સ્પે. પોકસો કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને ભોગ બનનાર બાળકીને રૂ.૩ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે આ કેસની હકીકત મુજબ રાજકોટમાં પરિવારની ૧૪ વર્ષ અને ૧૦ મહિનાની સગીરાનું કાલાવડ તાલુકાના હરીપર ગામનો બે સંતાનોનો પિતા આરોપી મુકેશ બીજલભાઇ સોંદરવાએ અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હોવાની ભોગ બનનાર સગીરાના પરિવાર દ્વારા ગત તા.૨૫-૬-૨૦૨૨ ના રોજ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપી મુકેશ સોંદરવાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા તપાસ અધિકારી દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસમાં પુરાવો શરૂ થતા સરકાર તરફે સરકારી વકીલ દ્વારા ફરિયાદી, ભોગ બનનાર સગીરબાળા, ડોક્ટર તથા તપાસ કરનાર પોલીસ અધિકારીની પોક્સો અદાલતમાં સોગંદ ઉપર જુવાની લેવામાં આવી હતી. તે જુબાનીમાં કોર્ટ સમક્ષ ભોગ બનનાર સગીરાએ બનાવની સંપૂર્ણ હકીક્ત વર્ણવી આરોપીને ઓળખી બતાવ્યો હતો. આ કેસમાં ફરિયાદ, સગીર બાળાનું જન્મનું પ્રમાણપત્ર, મેડિકલ સર્ટિફિકેટ, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના રિપોર્ટ, પંચનામાઓ વગેરે દસ્તાવેજી પુરાવો સરકાર તરફે રજૂ રાખવામાં આવ્યા હતા. તેમજ સરકારી વકીલ દ્વારા દલિત કરવામાં આવેલ કે ભોગ બનનાર સગીરા છે જ્યારે આરોપી ૩૫ વર્ષનો છે અને બે સંતાનો પિતા છે અને આવા આરોપી ઉપર પ્રોસિક્યુસને તેમનો કેસ સફળતા પૂર્વક સાબિત કરેલ છે અને તમામ સોગંદ ઉપરની જુબાનીઓ તથા દસ્તાવેજી પુરાવાઓથી આરોપી સામેનો કેસ સાબિત થાય છે આવા ગંભીર ગુનામાં આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની પૂરેપૂરી સજા થવી જોઈએ તેવી ધારદાર રજુઆત કરી હતી. પોકસો અદાલતના સેશન્સ જજ પી.જે. તમાકુવાલાએ સોગંદ ઉપરની જુબાનીઓ, દસ્તાવેજી પુરાવાઓ અને સરકારી વકીલની દલીલને ધ્યાને લઈ આરોપી મુકેશ બીજલભાઇ સોંદરવાને આજીવન કેદની સજા અને ડીએલએસએને વિકટીમ કમ્પેન્સેશન અન્વયે રૂપિયા ત્રણ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# લોધિકા પંથકની પરપ્રાંતિય સગીરા પર બનેવીએ દુષ્કર્મ આચરતા સાળીએ આપ્યો મૃત બાળકને જન્મ આપ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લોધિકા પંથકમાં ૧૫ વર્ષની સગીરા પર તેના જ સગા બનેવીએ દુષ્કર્મ આચરી ગર્ભ રાખી દિધા બાદ તેણીને પેટમાં દુઃખાવો ઉપડતાં સારવારમાં લઈ જતા, સાત મહિનાનો ગર્ભ હોવાનું અને તેણીએ મૃત બાળકને જન્મ આપતાં લોધિકા પોલીસે દોડી જઈ આરોપી બનેવી સામે દુષ્કર્મ, પોકસો સહિતનો ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત મુજબ, મૂળ એમપીના વતની અને હાલ લોધિકા પંથકની સિમમાં રહેતા શ્રમિક પરિવારની ૧૫ વર્ષીય સગીર પુત્રીને અચાનક પેટમાં દુખાવો ઉપડતાં શાપર હોસ્પિટલમાં ખસેડાઈ હતી જ્યાં તબીબોએ નિદાન કરતાં તેણીને સાત માસનો ગર્ભ હોવાનું જાણવા મળ્યુ હતે દરમિયાન સગીરાએ મૃત બાળકને જન્મ આપ્યો હતો જે અંગે લોધિકા પોલીસને જાણ થતાં પોલીસ હોસ્પિટલે દોડી ગઈ હતી પોલીસે સગીરાના પિતાની ફરીયાદ પરથી તેના સગા જમાઈ સામે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી હતી સગીરાને રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ખસેડાઈ હતી ફરિયાદીને સંતાનમાં આઠ પુત્ર-પુત્રી છે. તેની મોટી પુત્રી અને જમાઈ નજીક આવેલ નહીયો રહી કામ કરે છે. તેને પણ સંતાનમાં ત્રણ પુત્ર છે. ફરિયાદીની પુત્રી વાડીએ એકલી હતી ત્યારે આરોપીએ ધરાર દુષ્કર્મ ગુજારી ગર્ભ રાખી દિધો હતો આરોપી એક માસ પહેલાં જ પરીવાર સાથે વતન નાસી છૂટયો હોય પોલીસે શોધખોળ આદરી હતી.